# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી



મુખપત્ર

વર્ષ : ૪ | અંક:૧૫(ફક્ત આંતરિક વિતરણ) | ઓગસ્ટ-ઓક્ટોબર,૨૦૦૯


*सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।*
*देवा भागं यथा पूर्वे संजानाना उपासते ।।* संज्ञानसूक्तम्

**તમે બધાં એક સાથે ચાલો, એક મતથી બોલો. તમારું મન એકમત થાઓ, જેવી રીતે પ્રાચીન દેવતાઓ એક મત બનીને યજ્ઞના ભાગનો સ્વીકાર કરે છે.**



## કુલપતિશ્રીની કલમે

આત્મીય અને આદરણીય વિદ્વાનો તથા વિદ્યાર્થી મિત્રો,

આપણાં વિશ્વવિદ્યાલયનાં આ મુખપત્ર દ્વારા આપને રૂબરૂ થવાનો આનંદ અને રોમાંચ અનુભવું છું.

હમણાં જ આપણે શકિતની આરાધનાના પર્વ નવરાત્રીના ઉત્સવો માણ્યા. શરદોત્સવે કર્મયોગમાં પ્રવૃત્ત રહીને "સો સો શરદો નિરામય" રહેવાની પ્રાર્થના અને સંકલ્પ કર્યા. દિપોત્સવનાં પર્વો પણ આપણે ઉમંગ-ઉત્સાહથી ઉજવ્યા. આપને સૌને તથા આપના સર્વે પરિવારજનોને દીપોત્સવ તથા નૂતન વર્ષની શુભભાવનાઓ તથા અભિનંદન પાઠવું છું. નવું વર્ષ આપ સૌ માટે નિરામય, સમૃદ્ધિકારક અને આનંદસભર રહે તેવી શુભ પ્રાર્થના છે.

આપણાં વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ પ્રો. અવધેશકુમાર સિંહજીએ પોતાનો સુફલ કાર્યકાળ ૩૧ જુલાઈ ૨૦૦૯ના રોજ પૂર્ણ કર્યો. તેઓના અનુગામી રૂપે આ વિશ્વવિદ્યાલયની જવાબદારી વિનમ્રતાપૂર્વક સ્વીકારી છે, ત્યારે આપ સૌની શુભ ભાવનાઓ અને આપણાં સૌની સંવાદિતાપૂર્ણ સહકાર્યની શકિત વિશે શ્રદ્ધા દ્રઢ કરી છે. આપ સૌને તથા સરકારશ્રી અને આ વિશ્વવિદ્યાલયના પ્રત્યેક કર્મચારીના સહયોગથી પ્રો.અવધેશકુમારસિંહજી તથા તેઓના પણ સર્વે પુરોગામી કુલપતિશ્રીઓના નેતૃત્વમાં વિશ્વવિદ્યાલયે અનેક મર્યાદાઓ છતાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ પ્રસંગે તેઓશ્રીના સર્વ સર્જનાત્મક પ્રદાનને આદરપૂર્વક સંભારું છું તથા ધન્યભાવ વ્યકત કરુ છું આપણાં વિશ્વ વિદ્યાલયના એકેડમિક પ્લાનીંગ બોર્ડ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટ સહિત પ્રત્યેક નિર્ણયકર્તા સત્તામંડળોના સર્વ સભ્યો પણ હંમેશા આ વિશ્વવિદ્યાલયની પ્રગતિ માટે ઉત્સુક અને સક્રિય રહ્યા છે, તેઓશ્રી પ્રત્યે પણ આદર અને ધન્યભાવની લાગણી વ્યકત કરુ છું.

આપ સૌને જાણ હશે જ કે આગામી દિવસોમાં દિલ્હી સ્થિત સંઘ સરકાર મુકત તથા દૂરવર્તી શિક્ષણ વિશે એક નવી નીતિ તૈયાર કરી અમલી બનાવવા સક્રિય થઈ છે. આ નીતિનો મુસદ્દાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી તે વિશે આપના સૂચનો તથા અભ્યાસપૂર્ણ મંતવ્યો અવશ્ય મંત્રાલયને મોકલી આપો. આપણાં વિશ્વવિદ્યાલય તરફથી પણ અમે આ દિશામાં સક્રિય છીએ.

"જ્ઞાનગંગા" આપણાં સૌનું મુખપત્ર છે. મારી ભાવના છે કે આપ સૌ પણ આ મુખપત્રના માધ્યમ દ્વારા આપના વિચારો તથા સિદ્ધિઓનો આપણાં સૌ પરિવારજનો સાથે સહભાગ કરો. આ મુખપત્ર તથા આપણાં વિશ્વવિદ્યાલયને હજુ વધુ સક્ષમ તથા સમૃદ્ધ બનાવવા આપના સૂચનોને પણ આવકારું છું. આપશ્રી તરફથી પ્રાપ્ત થયેલી શુભભાવનાઓ બદલ ધન્યભાવ વ્યકત કરું છું તથા આપના મંગલમય સુફલ જીવન માટે ગુરૂ તથા પ્રભુ ચરણે પ્રાર્થના ધરુ છું.

પુનઃ એકવાર દીપોત્સવીની શુભ ભાવનાઓ તથા નૂતન વર્ષાભિનંદન સાથે...

સૌનો સહૃદયી,

મનોજ સોની
કુલપતિ

# સેમિનાર

## ડૉ. રાજલક્ષ્મી શ્રીનિવાસનનું 'તોલકપ્પિયમ' પર વિશેષ

શિક્ષણ પ્રચારની સાથે સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિસ્તાર ઝંખતી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વિવિધ કાર્યક્રમ યોજે છે. તમિલ ભાષાના કાવ્યશાસ્ત્ર અને વ્યાકરણ વિષયક પ્રાચીન ગ્રંથ 'તોલકપ્પિયમ્' પર એક વિશેષ વકતવ્ય તા. ૧૫/૦૭/૦૯ ને સાંજે ૬.૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે યોજવામાં આવ્યું હતું. મદ્રાસ યુનિવર્સિટી (ચેન્નઈ)




સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ. રાજલક્ષ્મી શ્રીનિવાસને જણાવ્યું કે; 'આ અપૂર્વ ગ્રંથમાંથી સહૃદયી ભાવકોએ એકવાર તો અચૂક પસાર થવું જોઈએ. તોલકપ્પિયમ્‌ના શ્લોક, બંધારણ, ભાષા ઈત્યાદિ સંપૂર્ણ માહિતી આપી હતી. સ્વાગત પ્રવચન કરતા પ્રો. રમણ સોનીએ 'આ ગ્રંથ કાવ્ય ભાવકોને આકર્ષે છે' અતિથિવિશેષ ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાલાએ તોલકપ્પિયમની વિશેષતાઓ અને વિશદતા જણાવી હતી. અધ્યક્ષીય પ્રવચન કુલપિતશ્રી અવધેશકુમાર સિંહે કર્યું હતું .આભારવિધિ નિયામક ડૉ. મેહુલ પંડયાએ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીમતી જયંતિ રવિ, નિયામક ડૉ. ગૌરાંગ જાની, મદદનીશ કુલસચિવ શ્રી દિલીપ કાતરિયા, કવિશ્રી રાજેન્દ્ર પટેલ, ડૉ. પ્રચેતા પંડયા ઈત્યાદિની ઉપસ્થિતિ હતી. વરસતા વરસાદમાં પણ સહૃદયી ભાવકોની ઉપસ્થિતિ હતી. જે એમની સાહિત્ય પ્રીતિ દર્શાવે છે.

-હરદ્વાર ગોસ્વામી

## M.Com. અભ્યાસક્રમ અંતર્ગત Self Learning Instructional Material વર્કશોપ:

તા.17/07/09 ના રોજ M.Com અભ્યાસક્રમ માટે મટીરીયલ રાઈટીંગ અંતર્ગત Self Learning Instructional Material (SLIM) વર્કશોપનું આયોજન એસ.ડી.સ્કુલ ઓફ કોમર્સ ખાતે કરવામાં આવેલ.વર્કશોપના ઉદ્‌ઘાટન સમારંભમાં ડૉ. ધવલ પંડયા (પ્રોગ્રામકો-ઓર્ડિનેટર) દ્વારા સૌ આમંત્રિત તજજ્ઞોને આવકારવામાં આવેલ અને કાર્યક્રમની ભૂમિકા રચવામાં આવેલ.ત્યાર બાદ શ્રી એચ.સી સરદાર (રીડર, એસ.ડી.સ્કુલ ઓફ કોમર્સ,ગુજરાત યુનિવર્સિટી) દ્વારા કાર્યક્રમના ચીફ ગેસ્ટ ડૉ.એચ.એસ ઓઝા (HOD,એસ.ડી.સ્કૂલ ઓફ કોમર્સ, ગુજરાત યુનિવર્સિટી) અને ગેસ્ટ ઓફ ઓનર ડૉ. મેહુલ પંડયા (ડાયરેકટર,sss, BAOU) નું શાબ્દીક સ્વાગત કરવામાં આવેલ.

ડૉ.એચ.એસ ઓઝાએ ચીફ ગેસ્ટ તરીકે ના વકતવ્યમાં યુનિવર્સિટી સાથેના તેમના ભૂતકાળના સંસ્મરણો તાજા કરી હાજર




તજજ્ઞશ્રીઓની દૂરવર્તી શિક્ષણની ભૂમિકાની મહત્તા દર્શાવેલ અને સ્પર્ધાત્મક યુગમાં ઉચ્ચ શિક્ષણના મહત્વ પર ભાર મુકેલ.

ડૉ. મેહુલ પંડયા એ ઉચ્ચ શિક્ષણમાં યુનિવર્સિટીની ભૂમિકા તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નવા અભ્યાસક્રમ વિષે માહિતી આપેલ.

ત્યારબાદ Self Learning Instructional Material (SLIM) પર કાર્ય શરૂ કરવામાં આવેલ જેમાં અલગ-અલગ વિષયના તજજ્ઞશ્રીઓએ અલગ-અલગ જૂથમાં કાર્ય શરૂ કરેલ અને કાર્યના અંતે સીલેબસ ફ્રેમકરી લેખન કાર્ય શરૂ કરેલ.

બપોરના ભોજન બાદ ડૉ.વી.ચારી (કો-ઓર્ડિનેટર, IQAC,રીડર,એસ.ડી.સ્કૂલ ઓફ કોમર્સ,ગુજરાત યુનિવર્સિટી) એ 'Overview of SLIM' પર સેશન લીધેલ જેમાં Self Learning Instructional Material (SLIM)ની પાયાની અને મૂળભૂત બાબતોથી ઉપસ્થિત તજજ્ઞશ્રીઓને માહિતગાર કરેલ.

ત્યારબાદ ડૉ.અવનિ ત્રિવેદી(આસી.રીજી.ડાયરેકટર, IGNOU, અમદાવાદ) એ દૂરવર્તી શિક્ષણ અને SLIM નું મહત્વ પર સેશન લીધેલ.જેમાં દૂરવર્તી શિક્ષણ વિષેનો ખ્યાલ સ્પષ્ટ કરવામાં આવેલ તથા વિદ્યાર્થીઓને Self Learning Instructional Material (SLIM) કઈ રીતે ઊપયોગી થાય તે વિષે તજજ્ઞશ્રીઓને માહિતગાર કરવામાં આવેલ.

અંતે સેશનમાં ડૉ. સી.કે.ઘોષ (Director sss, IGNOU, New Delhi) એ 'How to Prepare SLIM' પર ઊંડાણપૂર્વક તથા વિગતે હાજર તજજ્ઞશ્રીઓને માહિતી આપેલ અને તેમને સદર અભ્યાસક્રમ તૈયાર કરવા માટે જરૂરી તથા ઉપયોગી ટીપ્સ આપેલ.

અંતિમસેશનમાં અધ્યક્ષ સ્થાને માનનીય કુલપતિશ્રી એ.કે.સિંહ ઉપસ્થિત રહેલ તથા ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડૉ..સી.કે.ઘોષ (Director SSS,IGNOU, New Delhi) ઉપસ્થિત રહેલ. જેમાં માનનીય કુલપિતશ્રી દ્વારા ઉચ્ચ શિક્ષણમાં ઓપન યુનિવર્સિટીની ભૂમિકાના મહત્વ બાબત વાત કરેલ.ઉપરાંત યુનિવર્સિટીના નવા ઉપક્રમોની માહિતી આપવામાં આવેલ. આ ઉપરાંત M.Com. અભ્યાસક્રમ શરૂ કરવા તથા તેના લખાણ બાબત ઉપસ્થિત તજજ્ઞશ્રીઓને માહિતી આપવામાં આવેલ.

ગેસ્ટ ઓફ ઓનરના સ્થાનેથી ડૉ.સી.કે.ઘોષ

(Director SSS, IGNOU, New Delhi)એ વિશ્વમાં પ્રવર્તમાન દૂરવર્તી શિક્ષણથી તજજ્ઞશ્રીઓને માહિતગાર કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના આ પ્રકલ્પને સાકાર કરવા અનુરોધ કરેલ.

ત્યારબાદ વર્કશોપમાં નક્કી થયા મુજબના તજજ્ઞો થતા તેમણે કરવાના લેખનકાર્યનું લીસ્ટ તૈયાર કરવામાં આવેલ અંતમાં ડૉ. એચ.સી સરદાર (રીડર,એસ.ડી.સ્કુલ ઓફ કોમર્સ,ગુજરાત યુનિવર્સિટી) દ્વારા ઉપસ્થિત મહાનુભાવો તથા તજજ્ઞશ્રીઓનો આભાર માની કાર્યક્રમપૂર્ણ કરવામાં આવેલ.

- ડૉ.ધવલ પંડ્યા (વ્યાખ્યાતા.કોમર્સ મેનેજમેન્ટ)

## એકવીસમી સદીમાં મૂલ્ય શિક્ષણ

શિક્ષણનું એક મૂલ્ય એવું "મૂલ્ય શિક્ષણ" પર ગઈ તા. 22 જુલાઈ 2009ના દિવસે ગાંધીનગર GCERTના સભાખંડમાં એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ માન. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો.

પરિસંવાદનું ઉદ્‌ઘાટન શ્રીમતી જયંતિ રવિ (IAS મા. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી) દ્વારા દીપ પ્રાગટય કરી કરવામાં આવ્યું. કાર્યક્રમના પ્રવકતા પ્રા. હરદ્વાર ગોસ્વામીએ સર્વ મહેમાનો અને વકતાઓનું યુનિવિર્સટી વતી સ્વાગત કર્યુ. કાર્યક્રમની ભૂમિકા બાંધતા માનવ વિદ્યાના નિયામકશ્રી રમણ સોનીએ કહયું કે આ યુનિવર્સટી વકતવ્યો અને શ્રવણનું એક સ્વતંત્ર પર્વ છે. શિક્ષણ જેટલું અમૂર્ત છે એટલું જ મૂર્ત છે. તમે શું પેદા કર્યુ તે અમૂર્ત પ્રક્રિયા છે. મૂલ્યો અને ચહેરાની ઓળખ બદલાતી નથી મૂલ્યો વિશે ચર્ચા કરવાને બદલે શોધ કરવાની છે. જો શિક્ષણ એક મૂલ્ય હોય તો તેના કેટલા મૂલ્યો ઊભા કરી શકાય તેની ચર્ચા કરવાની છે. આવેલ તમામ સભ્યશ્રીઓને આવકાર્યા હતા.

બીજ વકતવ્ય આપતાં સાકાર, પાંડેચેરીના નિયામકશ્રી આનંદ રેડ્ડી એ કહ્યું કે શિક્ષણ જગતનું ગ્રહણ મૂલ્ય શિક્ષણ રહયું છે. જેના પર અરબિંદો આશ્રમપાંડેચેરીએ ખૂબ જ કાર્ય કર્યું છે. આ અન્વયે તૈયાર કરેલ પ્રેઝન્ટેશન બતાવ્યું. કિંમત અને મૂલ્ય વચ્ચેની ભેદરેખા શું છે તે સમજાવ્યું. સત્યમ શિવમ અને સુંદરમ્ શિક્ષણના મૂલ્યો છે તેમ કહ્યું

ઉદ્‌ઘાટનનું સંબોધન કરતાં શ્રીમતી જયંતિ રવિ એ કહ્યું કે આ મૂલ્ય શિક્ષણનો કાર્યક્રમ સાંપ્રત સમયમાં ઉપયોગી છે. અલગ અલગ ભૌગોલિક વિસ્તારને કારણે વિદ્યાર્થીની દિવ્યતાને બહાર લાવવા શું કરી શકાય તે માટે જુદી જુદી રીતે બધા પ્રયત્નો કરી રહ્યા છીએ. આ અન્વયે ગુજરાત સરકારની યોજનાઓ વિશે, અને



વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે Role Models કેવા હોવા જોઈએ તે ચર્ચા કરી વક્તવ્ય પૂર્ણ કર્યુ.

અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતાં માન. કુલપતિશ્રી એ.કે.સિંહે કહ્યું પોતાનું આમંત્રણ સ્વીકારી શ્રીમતી જયંતિ રવિ અને આનંદ રેડ્ડીની ઉપસ્થિતિ માટે આનંદ વ્યકત કર્યો. ઉચ્ચ શિક્ષણમાં કેવી રીતે પરિવર્તન થઈ શકે અને આપણું શિક્ષણ કેવી રીતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાન લઈ શકે તેવી ચર્ચા કરીશું.પ્રથમસત્રની આભારવિધિ નિયામકશ્રી ગૌરાંગ જાની દ્વારા કરવામાં આવી.

બીજી બેઠકની શરૂઆતમાં ભારતીય પ્રજ્ઞા પ્રવાહ અમદાવાદના નિયામકશ્રી ઈન્દુમતીબેન કાટદરે એ કહ્યું કે ૨૧મી સદી એટલે શું ? દરેક સદીને પોતાનું મૂલ્ય હોય છે. આપણે બધાનો વિચાર કરી શિક્ષણ ના ગુણ વિશે વિચારીએ. અભ્યાસક્રમમાં ભારતીય જીવન શૈલી અને સ્વરૂપ, શાસ્ત્રોનો અભ્યાસક્રમશ્રુતિઓ અને સ્મૃતિઓના સમન્વય દ્વારા વિદ્યાનો ભારતીય દિશામાં આગળ વધી સમાવેશ કરીશું તો જરૂર મૂલ્ય શિક્ષણનું નિર્માણ કરી શકીશું.

પરમપૂજય સ્વામી પરમાત્માનંદજી (અધ્યક્ષઃ આર્ય વિદ્યા મદિર, રાજકોટ) એ ગુરુવંદના દ્વારા પોતાનું વકતવ્ય શરૂ કર્યુ આપણો ધ્યેય શું છે? બધી જ વસ્તુ આર્થિક માપદંડથી મપાય છે. જયાં સુરક્ષા અને સામાજિકતાનો અભાવ હોય ત્યાં મૂલ્ય શિક્ષણની વાર્તા કરવી કેટલી યોગ્ય છે. જીવન ખૂબ સગવડ ભર્યુ બન્યું છે પણ સુખ નથી મૂલ્ય એટલે માણસનું વર્તન અને ભવિષ્ય વર્તણૂંકને જ સંસ્કૃતિ કહેવામાં આવે છે. મકાનની ગુણવતાનો આધાર ઈંટ પર ભીંત છે. વ્યકિતના સામાજિક ધાર્મિક અને વ્યકિતગત મૂલ્યો બદલાય ત્યારેજ તે નૈતિક મૂલ્યો સમજી શકાશે. મૂલ્ય શિક્ષણ જન્મથી જ મળે છે. મૂલ્યનું શિક્ષણ ભણવાની કયાંય જરૂર નથી આપણી શિક્ષણ પ્રણાલી બદલવાની જરૂર છે. પહેલાની જેમગુરુકુળના મૂલ્યો સમજીએ તો મૂલ્ય શિક્ષણ સમજી શકાય.

મહેશભાઈ યાજ્ઞિક (અધ્યક્ષઃ શિક્ષણશાસ્ત્ર વિભાગ એસ.પી.યુનિ.) એ પોતાનું વકતવ્ય આપતા કહ્યું કે ૨૧મી સદીના મૂલ્યોની વાત કરતાં હોઈ ત્યારે જો દિશા પકડાઈ ગઈ હોય તો ત્યાંથી પાછાં વળવાની જરૂર છે. મૂલ્યોનો અસ્વીકાર કરીયે તો બદલાતા વિશ્વની સાથે ચાલતા નથી.બદલાતા વિશ્વના કેન્દ્રમાં મનુષ્યની મૂલ્યની અનુપસ્થિતિમાં સામાન્ય પ્રત્યાયન શકય નથી. મૂલ્યોનું પાલન કરવાથી ધારણા બની જાય છે. પરીક્ષા વગર વ્યક્તિની વર્તણૂક બદલી શકાય જ્ઞાન, ભકિત, કર્મ અલગ નથી તેમાંથી જન્મતો વ્યકિત અલગ છે. ભારતીય ચિંતનમાં શ્રધ્ધા હોવી જોઈએ. જે વિદ્યાર્થી બને છે તે મારી સંભાવના છે. તેને ખિલવવા ઉચિત વાતાવરણ હોવું જોઈએ. જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન વસ્તુ ફકત શબ્દ નથી કે જે એક બીજાનો સંપર્ક કરી શકે. સંપર્ક માટે ભાષા જરૂરી છે. મૂલ્યની કોઈ પણ વિભાવના નથી.

ડૉ. રૂદ્રેશ વ્યાસ (અધ્યક્ષ, મનોવિજ્ઞાન વિભાગ, એમ.ટી.બી. આર્ટસ કોલેજ,સુરત) એ કહ્યું કે કાર્યશાળાનો ઉદ્દેશ મૂલ્ય શિક્ષણ વિશે વિચારી સમજી અને ચિંતા કરીએ અને ૨૧મી

સદીમાં મૂલ્ય શિક્ષણ આપવા શું કરી શકીયે તેનો Action Plan શરૂ કરીએ.

આઝાદી પછી આટલા વર્ષે પણ આપણે મૂલ્ય શિક્ષણમાં વિચાર કરવો પડયો છે. તેનું મૂળ કારણ આપણે આપણા મૂળભૂત મૂલ્યો ખોયા છે જીવન જીવીએ તેમાં મૂલ્યો આવી જાય.. જીવન પદ્ધતિ જે ખોઈ છે તે જીવન શૈલીમાં ફેરફાર કરીશું તો મૂલ્ય શિક્ષણને કલાસ રૂમસુધી લઈ જવાની જરૂર નથી યોગ શિક્ષણ દ્વારા યોગના આઠ અંગો દ્વારા મૂલ્યને પ્રસ્થાપિત કરી શકાય અને તેને લોકો સુધી પહોંચાડી શકાય.

ત્રીજા સત્રના અધ્યક્ષ સ્થાને ડૉ. આધ્યાભારતી સકસેના( અધ્યક્ષ ઈતિહાસ વિભાગ, એમ.એસ.યુનિવર્સિટી વડોદરા) પોતાનાં વકતવ્યમાં જણાવ્યું કે મૂલ્ય શિક્ષણ એક પડકાર છે. આપણે જોઈ જોઈને ચાલવાનું છે. અને નવી જનરેશને ગાઈડ કરવાના છે. આ કાર્ય માતા વિના શકય નથી તેથી આપણે યશોદા અને નંદલાલની જરૂર છે. આપણે મૂલ્ય શિક્ષણ માટે ભૂમિકા નંદલાલ અને યશોદાની નિભાવવાની છે.

ચોથું સત્ર મૂલ્ય શિક્ષણ અંગે એકશન પ્લાનનું હતું. અરૂણભાઈ યાદીએ પોતાના વકતવ્યમાં કહ્યું કે મૂલ્ય શિક્ષણ જીવવા માટે મેળવવું જોઈએ. મૂલ્ય શિક્ષણ સ્વતંત્ર બાબત નથી બાળક જન્મે છે ત્યારે તેમાં મૂલ્યશિક્ષણ આવી જાય છે. મૂલ્યાંકન કરવાથી મૂલ્ય શિક્ષણ પ્રાપ્ત કરી શકાય.તેમને કહ્યું કે વૈશ્વિક, રાજકીય, આધ્યાત્મિક, નૈતિક, સામાજિક, શારીરિક અને ધાર્મિક મૂલ્યો દ્વારા મૂલ્ય શિક્ષણ આપી શકાય છે. N.G.O.અને આશ્રમો સાથે રહીને મૂલ્ય શિક્ષણ આપી શકાય.

ઉપયોગી એવું યોગ શિક્ષણ પોતાના Action Planમાં આવવું જોઈએ.તેમને ગુજરાતી સાહિત્ય અને સામાજિક સમાનતાની વાત કરી.મીરાંબાઈ,નરસિંહ મહેતા અને અખાના ઉદાહરણ આપી તેમનો શ્રેષ્ઠ અભિગમસામાજિક સમાનતા રાખી તેને અપનાવી આગળ વધવા શ્રી આનંદભાઈ શાહ સામાજિક કાર્યકરે વકતવ્યમાં જણાવ્યું.

ડૉ. શ્રધ્ધાબેન રાયે( BOM,સભ્યશ્રી) પોતાના વકતવ્યમાં જણાવ્યું કે મનુષ્યે મનુષ્યનું ધ્યાન રાખવું જોઈએ.ભાષાનું ધ્યાન રાખવું જોઈએ. સૌથી મોટું મૂલ્ય સંયુકત પરિવારની વિભાવના છે.જે વિસરાતી જાય છે. વિદ્યાર્થીને સાથે જીવવાની કળા શીખવવી જોઈએ અધ્યાપકોએ ભેગા થઈ કામકરવું જોઈએ.

સમાપન સત્રમાં માન કુલપતિશ્રી એ.કે.સિંહે ભૂમિકા આપતા કહ્યું કે નવા વિચારો આવે પછી તેનો અમલ થઈ શકે.મૂલ્ય શિક્ષણ માટે શિક્ષણ પ્રણાલી નિષ્ફળ ગઈ છે.નિરીક્ષણથી જે શિક્ષા મળતી હતી તે મળતી નથી સંસ્કૃતિની જે વાતો કરીએ છીએ તે ધીમે ધીમે ભૂંસાતી જાય છે. આપણે જો સમયસર અને પધ્ધિતસર પ્રયાસ કરીશું તો સફળતા મળશે.પરમ્ પૂજય સ્વામી નિખેલેશ્વરાનંદજી આમંત્રણનો સ્વીકાર કરી આવ્યા તે બદલ આનંદ અને આભાર વ્યકત કર્યો.

પૂર્ણાહુતિ સંબોધનમાં પરમ્ પૂજય સ્વામી નીખેલેશ્વરાનંદજી (અધ્યક્ષ,રામકૃષ્ણ મિશન મઠ,વડોદરા) તેમણે કહયું મનુષ્યના મનમાં શાંતિ નથી ( Science & Technology અને Communication & Technology) થી Distance ઘટયું છે પણ વૈશ્વિક શાંતિ મળતી નથી વૈશ્વિક શાંતિ માટે સભ્યતાનું નિર્માણ કરવું પડશે. ધર્મનું નિર્માણ કરવું પડશે. શિક્ષણના ક્ષેત્રમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર જોવા મળે છે.સારા માણસનું નિર્માણ કરવા સ્વામી વિવેકાનંદના ઉદાહરણો દ્વારા પહેલા પોતે મહાન બનો અને પછી બીજાને બનાવો એમકહી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યુ . ચર્ચા સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આભારવિધિ ડૉ.મેહુલ પંડયા (નિયામકશ્રી વિદ્યાર્થી સહાય સેવા) દ્વારા કરવામાં આવી.

-ચેતના શાહ

## અભ્યાસ વર્તુળ

તા. ૨૩/૦૭/૦૯ ના રોજ અભ્યાસ વર્તુળના ઉપક્રમે પ્રો.રમણ સોનીએ રતિલાલ બોરિસાગરની હાસ્ય નવલકથા એન્જોયગ્રાફી પર વિશેષ વકતવ્ય કર્યું હતુ. એન્જીઓગ્રાફીનું એન્જોયગ્રાફીમાં રૂપાંતર કઈ રીતે કરીશ એ માટે આ પુસ્તક વાંચવું રહ્યું. આ પુસ્તકના નર્મ નર્મ સ્થાનો ચિંધી બતાવ્યાં હતાં. વકતવ્યને અંતે ચર્ચામાં સૌ સહૃદયી અધ્યાપકોએ ભાગ લીધો હતો. સંચાલન સંયોજન પ્રા. હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતુ.

## વાંસ નર્સરી કાર્યક્રમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વ્યાવસાયિક શિક્ષણનો વ્યાપ વધે એ પ્રયાસથી તથા ટૂંકા ગાળામાં દરેક વિદ્યાર્થીઓ પોતે આર્થિક રીતે પગભર ઊભા રહી શકે એ આગવી વિચારધારાથી વાંસ ઉદ્યોગનો પ્રશિક્ષણ અંગે ત્રણ, સાત દિવસીય અને એક મહિનાનો સર્ટીફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલછે.

વાંસ નર્સરી તાલીમ કાર્યક્રમતા.૨૭ થી ૨૯ જુલાઈ ૨૦૦૯નાં રોજ ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ (સેવાધામ) આહવા-ડાંગ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય મહેમાન શ્રી પરાગભાઈ નાઈક ( BAOU - બોર્ડ સભ્ય), શ્રી કેતન મહેતા (મિલ માલિક) સંસ્થાના વડા, શ્રી દત્તાભાઈ સાળુંકે, સંસ્થાના કોર્ડિનેટર શ્રી પ્રવિણભાઈ સિંધે, યુનિવર્સિટીનો સ્ટાફ, સંસ્થાના કર્મચારીગણ અને તાલીમાર્થીઓ વગેરેએ હાજરી આપી હતી. મુખ્ય અતિથિનું વાંસનાં ફૂલ ગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ હતું શરૂઆતમાં વાંસ નર્સરી કાર્યક્રમ અંગેની ભૂમિકા શ્રી સુનિલ દેશપાંડે (વિષય નિષ્ણાંત) રચી કોર્ષની આગવી ભવિષ્ય વાણી કરી પોતાના વકતવ્યને બિરદાવ્યું હતું. ત્યારબાદ શ્રી કેતન મહેતા અગરબત્તીની સળી બનાવવાની રીત તથા જેટલો પણ માલ ઉત્પાદિત થશે તેની ખરીદી કરવાની જવાબદારી લીધી હતી. અંતમાં મુખ્ય અતિથિ શ્રી પરાગભાઈ નાઈક ઉદ્ઘાટન પ્રસંગને સંબોધી આ તાલીમી કાર્યક્રમને શું છે અને શું ફાયદો છે તે સમજાવ્યું હતું. આમ ઉદ્ઘાટન સમારોહ સમાપ્ત થયો હતો.

બીજા સત્રમાં વાંસ નિષ્ણાંત સુનિલ દેશપાંડે (અમરાવતી) એ વાંસ નર્સરીનો ખ્યાલ, વાંસ ઈતિહાસ, વાંસની ઉપયોગિતા અંગેનું જ્ઞાન તાલીમાર્થીઓને પુરુ પાડવામાં આવેલ હતું. તાલીમનાં બીજા દિવસે વાંસ નર્સરી કેવી રીતે બનાવાય, નર્સરી ગાદી માફ્ક, પોલીથીન કોથળીનો ઉપયોગ અને નર્સરી બેડમાં વપરાતા રાસાયણિક ખાતરનો ઉપયોગ વગેરે તાલીમાર્થીઓને પ્રત્યક્ષ બનાવવાનું જ્ઞાન પૂરું પાડવામાં આવેલ હતું. બીજા સત્રમાં

વ્યકિતત્વનાં વિકાસ ઉપર વ્યાખ્યાન, માર્કેટીંગ વગેરેની માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ નર્સરી વિષયક અને આ અભ્યાસક્રમઅંતર્ગત એક પ્રશ્નોત્તરીનું સત્ર પણ રાખી વિદ્યાર્થીઓને મૂંઝવણ કરતા પ્રશ્ન ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવેલ હતા.

તાલીમના ત્રીજા દિવસે વાંસ નિષ્ણાંત સલીમભાઈ (અમરાવતી) જેમણે વાંસની વિવિધ પ્રજાતિઓ, બીજા, ગુજરાતમાં વાંસ, વાંસની કલમ ન મળતા વાંસને કેવી રીતે તેનું ઉત્પાદન કરી શકાય તે અંગે અને વાંસમાંથી બનતી આઈટમઅંગે વ્યક્તિગત અને પ્રેકટીકલ માહિતી આપી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.ત્યારબાદ બીજા સત્રમાં સમાપન સમારોહમાં ખાસ વિશેષ આમંત્રિત મહેમાન તરીકે, ડાંગ જિલ્લાનાં વતની સ્વાતંત્ર્ય સેનાના લડવૈયા શ્રી ગાંડાકાકા અને ધેલુ નાયકની ઉપસ્થિતિમાં ૩૯ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રનું વિતરણ અને તેમાં આ કાર્યક્રમઅંગેના પ્રતિભાવ અને કાર્યક્રમની સફળતા અંગે સંસ્થાનાં વડા પ્રતિભાવ લઈ અંતમાં એક તાલીમાર્થી સીરીશભાઈએ સુંદર મઝાનું યુવાવર્ગને પ્રોત્સાહન આપે તેવું ગીત ગાઈને આ ત્રિદિવસીય વાંસ નર્સરી તાલીમકાર્યક્રમને સમાપ્ત કર્યો હતો.

સાત દિવસની તાલીમકયારે ગોઠવાશે તે અંગે ચર્ચા-વિચારણા પણ કરવામાં આવી હતી. - નવનીત ગાયકવાડ

## "તરુણોમાં શૈક્ષણિક સમસ્યાઓ"

ગુજરાત કેળવણી ટ્રસ્ટ, મિરઝાપુર અમદાવાદ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.૨૯/૭/૦૯ અને તા. ૩૦/૭/૦૯ ના રોજ "તરુણોમાં શૈક્ષણિક સમસ્યાઓ" વિષય પર બે દિવસીય સેમિનારનું આયોજન એનેક્સી સરકીટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ ખાતે કરવામાં આવેલ.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાત કેળવણી ટ્રસ્ટનાં ટ્રસ્ટી અને રાજયનાં ઉર્જા ખાતાનાં ભૂતપૂર્વ મંત્રી શ્રી ઉર્મિલાબેન પટેલ અને કનોરિયા હોસ્પિટલનાં ટ્રસ્ટી તેમજ ઉદ્યોગપતિ શ્રી. કે.કે. કનોરિયા સાહેબ હતા.

કાર્યક્રમનો આરંભ પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્ય તેમજ એસ.વી.આર્ટ્સ કોલેજનાં મનોવિજ્ઞાન વિભાગનાં હેડ ડૉ. શ્રધ્ધાબેન રાય જેઓની દોરવણી હેઠળ સમગ્ર કાર્યક્રમયોજવામાં આવેલ તેઓ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ.



ત્યારબાદ મુખ્ય મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. તેમજ મુખ્ય મહેમાનો એ ઉદ્બોધન કરેલ.

**શ્રી. કે.કે.કનોરિયા સાહેબે** તેમના વકતવ્યમાં જણાવ્યું કે વિદ્યાર્થીને મદદ કરવી એ શિક્ષકનો પ્રથમદૃષ્ટિકોણ હોવો જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીની ટેલેન્ટ ઓળખી તેને બહાર લાવવી જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીને એક સારા નાગરિક બનાવવા જોઈએ.

**ડૉ. ઉર્મિલાબેન પટેલે** તેમના વકતવ્યમાં તરુણાવસ્થા દરમ્યાન છોકરા-છોકરીઓમાં થતાં શારીરિક- માનસિક ફેરફાર તેની અસરો વિશે જણાવ્યું. આ ઉંમરનાં બાળકોની માતા-પિતા , શિક્ષકો અને સંસ્થાઓ કઈ રીતે મદદરૂપ થઈ શકે તે સમજાવ્યું.

ટ્રેનિંગ કોલેજનાં પ્રિન્સીપાલ **શ્રી અનિલભાઈ લેઉઆએ** ઉપસ્થિત મહેમાનોનો આભાર માન્યો.આભારવિધિ બાદ સેમિનાર માટે આમંત્રિત કરવામાં આવેલ વિવિધ રિસોર્સ પર્સન દ્વારા લેકચર આપવામાં આવેલ.

**ડૉ. જે.બી.પટેલસાહેબે** જણાવ્યું કે શિક્ષક બનતા નથી શિક્ષક જન્મલે છે. નિષ્ઠા વગરનો શિક્ષક કયારેય નભી શકતો નથી. શિક્ષકે હકારાત્મક વલણ રાખવું જોઈએ.

**શ્રી દુષ્યંતભાઈ સાહેબે** જણાવ્યું કે આપણે તરુણોની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વધારવી જોઈએ . વાતાવરણ જ તરુણોને બગાડે છે. અમુક ઉંમર પછી બાળકને Respect આપવું જોઈએ. એની પસંદગી ને પ્રાધાન્ય આપવું જોઈએ.

**ડૉ. આનંદે** તરુણોમાં સ્ટ્રેસનાં કારણો વિશેની ચર્ચા કરી. તરુણોમાં સ્ટ્રેસ ઉદ્ભવવાનાં કારણો, તેનાં લક્ષણો અને તેના ઉપાયો વિશેની ચર્ચા કરી.

**ડૉ. કરશનભાઈ બી. ચોથાણીએ** તરુણોમાં જોવા મળતા Exam Phobia વિશેની ચર્ચા કરી . Exam Phobia કેવી રીતે ઉદ્ભવે છે. વાલીઓ અને શિક્ષકો તરુણોને કઈ રીતે Exam Phobia દૂર કરવામાં મદદરૂપ થઈ શકે તેની ચર્ચા કરી.

**ડૉ. અવનીબેન ત્રિવેદીએ** જણાવ્યું કે માતા પિતા પોતાના અધૂરા રહી ગયેલા સપનાંઓ બાળક થકી પૂરા કરે છે. તેઓએ બાળકની વ્યવસાય પસંદગીમાં રસ, રુચિને ધ્યાનમાં રાખવા ઉપર ભાર મૂકયો.

તા. ૩૦/૭/૦૯ , ગુરુવાર ડૉ. વર્માસાહેબે તરુણાવસ્થા દરમ્યાન બાળકોને કઈ બાબતમાં સલાહસૂચન, માગદર્શન આપવું જોઈએ તેની ચર્ચા કરી. આ ઉપરાંત તેઓએ તરુણો નું કાઉન્સેલીંગ કઈ રીતે કરવું તેની માહિતી આપી.

**ડૉ.શ્રધ્ધાબેન રાયે** તેમના વકતવ્યમાં જણાવ્યું કે તરુણોને મૂલ્ય શિક્ષણ આપવું જોઈએ જેથી તે જીવનનાં મૂલ્યો શીખી શકે. તેઓએ પ્રકૃતિ, સંસ્કૃતિ , ધ્યેય અને સન્માર્ગના અનુસરણ દ્વારા મૂલ્ય શિક્ષણ આપવું જોઈએ તેના ઉપર ભાર મૂકયો.

**ડૉ.જગદીશભાઈ ચૌધરીએ** જણાવ્યું કે શિક્ષણ દ્વારા બાળકમાં સંસ્કાર સિંચન કરવું જોઈએ. ઈતિહાસ થી અત્યારે વર્તમાનમાં શીખવાનું અને ભવિષ્યનું આયોજન કરવા ઉપર ભાર મૂકયો તેઓએ વેદકાલીન શિક્ષણની પણ ચર્ચા કરી.

**ડૉ.બેંકરસાહેબે** વેલ્યુ ઓફ સેકસ એજ્યુકેશન ઈન ટીનએજર્સ પર ચર્ચા કરી તેઓએ જણાવ્યું કે તરુણોને જાણ હોવી જોઈએ કે સંભોગનાં પરિણામો શું આવે ?

**શ્રી અનિલભાઈ લેઉઆએ** જણાવ્યું કે તરુણોને જાતિય શિક્ષણ આપવા માટે યોગ્ય વ્યક્તિ કઈ છે ? શા માટે જાતિય શિક્ષણ આપવું જોઈએ તેની ચર્ચા કરી.

**શ્રી સિધ્ધાર્થભાઈએ** ગ્લોબલાઈઝેશનની તરુણો ઉપર શું અસર પડે છે. તેની ચર્ચા કરી. તેઓએ ગ્લોબલાઈઝેશન એટલે શું ? તેની શરૂઆત કયારે થઈ ? તેની તરુણો ઉપર સારી અને ખરાબ અસરો તેમજ તેના ઉપાયો વિશેની ચર્ચા કરી હતી.

**ડૉ. જનસારી સાહેબે** તરુણોમાં વર્તન સમસ્યાઓ વિશેની ચર્ચા કરી. તેઓએ તરુણોમાં ચાર પ્રકારની સમસ્યાઓ જણાવી (૧) સમાયોજનનાં પ્રશ્નો (૨) બુધ્ધિ અને કુશળતાનાં પ્રશ્નો (૩) સમસ્યાઓ વિશેનો ખ્યાલ (૪) વ્યકિતત્વ વિશેનાં પ્રશ્નો

**સમાપન સમારોહ :** કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નાં વાઈસ ચાન્સેલર શ્રી અવધેશકુમાર સિંહ, ભૂતપૂર્વ ડાયરેકટર ઓફ એકેડેમીક સ્ટાફ કોલેજ રાજકોટના શ્રીમતી પ્રવિણાબેન બુદ્ધદેવ અને જાણીતા પત્રકાર અને લેખક જય વસાવડા હતા.

મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલથી સ્વાગત કરવામાં આવ્યું. શ્રીમતી પ્રવિણાબેન બુધ્ધદેવે તેમના વકતવ્યમાં જણાવ્યું કે બાળ ઉછેરમાં માતાની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. તેમણે માતાની ભૂમિકા ઉપર ખૂબ જ ભાર મૂકયો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી અવધેશકુમાર સિંહ સાહેબે શિક્ષકોની ભૂમિકા ઉપર વિશેષ ભાર મૂકયો.

શ્રી વસાવડાએ આજનાં તરુણોની સમસ્યાઓ વિશેની ચર્ચા કરી. તરુણોની જરૂરિયાતો વિશેની ચર્ચા કરી અને તેઓની પાસેથી કઈ રીતે કામલેવું જોઈએ તેની વાત કરી.

મહેમાનશ્રીઓએ સેમીનારમાં ભાગ લેનારને પ્રમાણપત્ર આપ્યા. સમગ્ર સેમિનારમાં ઉદ્દબોધન હરદ્વાર ગોસ્વામીએ અને સંયોજન ડૉ.શ્રદ્ધાબેન રાયે કર્યું હતું. - ઉમેદભાઈ ધાંધલ

## ચાર પુસ્તકોનો વિમોચન સમારંભ

તા. ૩૧/૭/૦૯ ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાર પુસ્તકોનાં વિમોચનનો કાર્યક્રમયોજાયો હતો. નિયામક શ્રી ગૌરાંગ જાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રો.રમણ સોનીએ ભૂમિક રચતા કહ્યું કે ; 'યુનિવર્સિટી ને પ્રકાશન ક્ષેત્રે ધમધમતું રાખવા કુલપતિશ્રીનો બહુ મોટો ફાળો છે.'

ડૉ. પી.જી.જ્યોતિકર, કિશોર મકવાણા અને પ્રા. દિલીપ કાતરિયા સંપાદિત "ડૉ. આંબેડકર : વિચાર દર્શન", ડૉ. ધવલ પંડયા સંપાદિત 'મેનેજમેન્ટ ટુ ડે', ડૉ. કુસુમશર્મા સંપાદિત 'સાક્ષાત્કાર' અને ડૉ. મીના રાજપૂત સંપાદિત 'વાઙ્મય' નું વિમોચન સુપ્રસિદ્ધ પત્રકાર શ્રી વિષ્ણુ પંડયાએ કર્યુ હતું. એમણે વિમોચન કરતા જણાવ્યું કે; "કોઈ યુનિવર્સિટીમાં આટલા મોટા પાયે પ્રકાશન પ્રવૃત્તિઓ ચાલે એ અભિનંદનીય છે."

કુલપિત શ્રી પ્રો. અવધેશકુમારસિંહે જણાવ્યું કે;'આ પ્રવૃતિઓનો સતત વિસ્તાર થાય એવી અભ્યર્થના ,સૌના સાથ-સહયોગથી આ શિષ્ટ વિશિષ્ટ કાર્યો થઈ શકયા છે.'

કાર્યક્રમનું સંચાલન પ્રા.હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતું. ડૉ.શ્રધ્ધાબેન રાય, શ્રી પરાગભાઈ નાઈક, ડૉ. જગદીશ જોશી ઈત્યાદિની વિશેષ ઉપસ્થિતિ હતી. - હરદ્વાર ગોસ્વામી

## ભારતીય સંસ્કૃતિના વિશ્વસંચાર

શિક્ષણ પ્રસારની સાથે સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિસ્તાર ઝંખતું ડૉ.બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય વિવિધ કાર્યક્રમ યોજે છે. આ ઉપક્રમે વિશ્વવિદ્યાલય દ્વારા સંસ્કૃત ભારતી તેમજ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના પ્રણેતા બાબાસાહેબ આપ્ટેજીના જન્મદિન નિમિતે અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતી અને ડૉ.બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે ભારતીય સંસ્કૃતિના વિશ્વસંચાર વિષય પર એક વિશેષ વકતવ્યનું આયોજન માનનીય કુલપતિશ્રી મનોજ સોનીના અધ્યક્ષ સ્થાને એલ.ડી.ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડોલોજી અમદાવાદ ના કોન્ફરન્સ હોલમાં કરવામાં આવેલ.

જેમાં અતિથિ વિશેષ તરીકે ઈન્દુમતીબેન કાટદરે (નિયામક ભારતીય પ્રજ્ઞા પ્રવાહ) વકતા તરીકે શરદજી હેબાલકર(મહામંત્રી ઈતિહાસ સંકલન સમિતિ યોજના,નવી દિલ્હી) તથા R.S.S ના ગુજરાત પ્રાંતના સહ સંઘચાલક અમૃતભાઈ કડીવાલા ,યુનિવર્સિટીના અધિકારીશ્રી ,વ્યાખ્યાતાશ્રી અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતા. વકતવ્યની શરૂઆત પ્રાર્થના અને દીપપ્રાગ્ટય દ્વારા કરવામાં આવેલ. સ્વાગત પ્રવચન ડૉ.મેહુલભાઈ પંડયા (નિયામકશ્રી SSS) કરવામાં આવતું અને આવેલ વકતા અને અતિથિનું બુક અને સાલ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું.ડૉ.અંબાદાન રોહડીયાએ પોતાના વકતવ્યમાં ભારતીય ઈતિહાસ સંકલન સમિતિનો ટૂંકો પરિચય આપ્યો અને આ વકતવ્ય યોજવા બદલ યુનિવર્સિટીનો આભાર માન્યો. ત્યારબાદ સુધાબેન કરંજગાવકર લેખિત 'દાદરાનગર હવેલીનો મુકત સંગ્રામ' પુસ્તકનું વિમોચન માનનીય કુલપતિશ્રી ડૉ.મનોજ સોની અને ડૉ.શરદજી હેબાલકર દ્વારા કરવામા આવેલ.

શરદજી હેબાલકરે જુદા જુદા દેશમાં ભારતીય સંસ્કૃતિ બૌધ્ધ ધર્મ કેવી રીતે જિવંત હતો અને જુદાં જુદાં દેશના દેવી દેવતા અને મંદિરોમાં ભારતીય સંસ્કૃતિનું મુળ કેવી રીતે રહેલુ છે તે વિશે વિગતે સમજાવ્યું. સંચાલન કરતા હરદ્વાર ગોસ્વામીએ જણાવ્યું કે હોલમાં બેસીને જ વગર વિઝાએ વિદેશ પ્રવાસ કરાવ્યો.

ઈન્દુમતીબેન કાટદરે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિના સૂર્યનો અસ્ત કયારે થતો નથી.અત્યારે વિદ્યાર્થીને રાજકીય ઈતિહાસ ભણાવાય છે તેને બદલે સાંસ્કૃતિક ઈતિહાસ ભણાવી સંસ્કૃતિને જીવંત રાખીએ તેવા પ્રયત્નો સૌ કરીએ.

માનનીય કુલપતિશ્રી ડૉ.મનોજ સોનીએ પોતાનું વકતવ્ય રાષ્ટ્રીય ભાષામાં આપતા કહ્યું કે શરદ હેબાલકર સાહેબે ખરેખર

વિદેશ પ્રવાસ કરાવ્યો છે. પ્રવાસ નો અનુભવ વાસ્તિવક લાગે સત્યને પ્રાપ્ત કરવા માટે હૃદયના દીવાને તેલની જરૂર હોય છે. તે તેલ પુરી સત્યને પ્રાપ્ત કરીએ.

પ્રા. દિલીપભાઈ કાતરિયાએ આવેલ સભ્યશ્રીઓનો આભાર માન્યો. -ચેતના શાહ

## મોબાઈલ સ્ટડી વાન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ દ્વારા ગુજરાતના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે મોબાઈલ સ્ટડી વાનનો પ્રારંભ થયો. આ મોબાઈલ વાનનું ઉદ્‌ઘાટન તા.૧૫/૦૬/૨૦૦૯ ના સોમવારના સવારે ૯:૩૦ કલાકે પવિત્ર યાત્રાધામઅંબાજી મુકામેથી માતાજીના પ્રાંગણમાં યુનિવર્સિટીના ઈ.ચા.કુલસિચવશ્રી / ઈ.ચા.નિયામકશ્રી સુરેન્દ્રભાઈ શાહે કર્યુ હતું. ઉદ્‌ઘાટન બાદ વાનને અમીરગઢ અભ્યાસકેન્દ્રના કેન્દ્રસંયોજક શ્રી રમણભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું. આ મોબાઈલ વાનનું ઉદ્‌ઘાટન એ શૈક્ષિણક જગત માટે ઐતિહાસિક ઘટના રૂપ છે.

યુનિવર્સિટી દ્વારા કાર્યરત આ મોબાઈલ સ્ટડી વાનનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને ઘેર બેઠાં ઉચ્ચ અભ્યાસ કરવા માટેની માહિતી તેમજ કોમ્પ્યુટરને લગતી પ્રાથમિક માહિતી માટે છે. આ મોબાઈલ સ્ટડી વાનમાં અધતન ૧૦ કોમ્પ્યુટર, પ્રોજેક્ટર, ડી.વી.ડી., એ.સી., જનરેટર તથા વિધાર્થીઓ વર્તમાન સામયિકથી પરિચિત થાય તે માટે કેટલાક સામિયકો પણ વાનમાં રાખવામાં આવ્યાં છે. ઉપરાંત પ્રચાર-પ્રસાર માટેની જરૂરી સાધન સામગ્રી પણ ઉપલબ્ધ છે.

| ક્રમ | તારીખ | મુલાકાત સ્થળ |
|---|---|---|
| (૧) | ૧૫/ ૦૬/ ૨૦૦ સોમવાર | (૧) સરકારી માધ્યમિક શાળા, અંબાજી |
| | | (૨) આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી |
| | | (૩) આદર્શ નિવાસી શાળા, અંબાજી |
| | | (૪) સનાલી આશ્રમશાળા, સનાલી |
| (૨) | ૧૬/ ૦૬/ ૨૦૦૯ મંગળવાર | (૫) હડાદ હાઈસ્કુલ, હડાદ |
| | | (૬) માંકડી હાઈસ્કુલ, માંકડી |
| | | (૭) સોલસંડા હાઈસ્કુલ, સોલસંડા |
| | | (૮) દલપુરા હાઈસ્કુલ, દલપુરા |
| (૩) | ૧૭/ ૦૬/ ૨૦૦૯ બુધવાર | (૯) ટુંડીયા હાઈસ્કુલ, ટુંડીયા |
| | | (૧૦) ગોરાડ ઉત્તર બુનિયાદી હાઈસ્કુલ,ગોરાડ |
| | | (૧૧) કુવારસી હાઈસકુલ, કુનારસી |
| (૪) | ૨૫/ ૦૬/ ૨૦૦૯ ગુરુવાર | (૧૨) કુંડેલ હાઈસ્કુલ, કુંડેલ |
| | | (૧૩) ડી. ડી. ચોકસી વિદ્યાલય, નવાવાસ (દાંતા) |
| | | (૧૪) સર ભવાનીસિંહ હાઈસ્કુલ, દાંતા |
| | | (૧૫) આદર્શ નિવાસી શાળા, દાંતા |
| (૫) | ૨૬/૦૬/૨૦૦૯ શુક્રવાર | (૧૬) લોકનિકેતન MSW કોલેજ,રતનપુર |
| | | (૧૭) બી. આર. એસ. કોલેજ, રતનપુર |
| | | (૧૮) લોકનિકેતન આશ્રમશાળા,રતનપુર |
| | | (૧૯) લોક નિકેતન બી. એડ. કોલેજ, રતનપુર |
| | | (૨૦) લોક નિકેતન વિદ્યાલય, રતનપુર |
| | | (૨૧) જલોત્રા હાઈસ્કુલ, જલોત્રા |
| (૬) | ૨૭/૦૬/૨૦૦૯ શનિવાર | (૨૨) બી. આર. એસ કોસેજ, મડાણા (ગઢ) |
| | | (૨૩) નૂતનભારતી વિદ્યાલય, મડાણા (ગઢ) |
| | | (૨૪) જિલ્લા આંગણવાડી તાલીમ કેન્દ્ર,મડાણા (ગઢ) |
| | | (૨૫) આર. આર. મહેતા સાયન્સ કોલેજ, પાલનપુર |
| (૭) | ૦૧/૦૭/૨૦૦૯ બુધવાર | (૨૬) સરસ્વતી વિદ્યામંદિર, અમીરગઢ |
| | | (૨૭) સર્જન ફાઉન્ડેશન સંચાલિત, માર્ગ જીવન કૌશલ્ય તાલીમકેન્દ્ર, અમીરગઢ |
| | | (૨૮) આર. આર. વિદ્યાલય, અમીરગઢ |
| | | (૨૯) સરકારી ઉચ્ચતર માધ્યમિકશાળા (વિજ્ઞાન પ્રવાહ), અમીરગઢ |
| | | (૩૦) સરકારી આર્ટસ કોલેજ, અમીરગઢ |
| | | (૩૧) શિવમ્ વિદ્યાલય, સરોત્રા |
| | | (૩૨) સુર્યાબા ભામદીરા વિદ્યાલય, આવલ |
| | | (૩૩) ઉત્તરબુનિયાદી આશ્રમશાળા, અમીરગઢ |
| (૮) | ૦૨/૦૭/૨૦૦૯ ગુરુવાર | (૩૪) સ્વસ્તિક વિદ્યાલય, ઈકબાલગઢ |
| | | (૩૫)ઉતર બુનિયાદી આશ્રમશાળા, ઝાંઝરવા |
| | | (૩૬) અગ્રસેન કન્યા વિદ્યાલય, ઈકબાલગઢ |
| | | (૩૭) આદિવાસી વિદ્યાલય, ઈકબાલગઢ |
| | | (૩૮) સરકારી આદર્શ નિવાસી શાળા (કન્યા વિદ્યાલય), જોરાપુરા |
| (૯) | ૦૩/૦૭/૨૦૦૯ શુક્રવાર | (૩૯) જિ. જિ. મહેતા વિદ્યાલય, ચિત્રાસણી |
| | | (૪૦) વિમળાબા સ્ત્રી અધ્યાપન મંદિર, વિરમપુર |
| | | (૪૧) લોકનિકેતન વિનય મંદિર, વિરમપુર |

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તરફથી ઉપરોક્ત સ્થળ મુલાકાત દરમ્યાન પ્રા. ભરતભાઈ ઠાકોર (વ્યાખ્યાતા ગુજરાતી) તથા શ્રી મિતેશભાઈ પટેલ (કોમ્પ્યુટર ઓપરેટર) સમગ્ર સંચાલન કર્યુ હતું.

આ વિવિધ સંસ્થાઓની મુલાકાત દરમ્યાન માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી આપવામાં આવતી હતી. તેની સાથે સાથે તેમને થતા પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવતા હતા. આ યુનિવર્સિટી મહિલાઓ, ગૃહિણીઓ, નોકરી ધંધો કે કૃષિમાં રોકાયેલા લોકો, અંતરિયાળ વિસ્તારના લોકો, શૈક્ષણિક, સામાજિક, આર્થિક, ભૌગોલિક તેમજ વ્યવસાયિક સંજોગોના કારણે ઉચ્ચ શિક્ષણથી વંચિત તમામવર્ગના લોકો તથા નિરંતર ઉચ્ચ શિક્ષણ મેળવતા લોકોને અભ્યાસની સમાન તકો પુરી પાડે છે.

- ભરત ઠાકોર



## પ્રવેશ વિભાગ

AUG-2009 ની પ્રવેશ પ્રક્રિયા માટે અગાઉ આપવામાં આવેલ માહિતી મુજબ રાજય ના 28 જિલ્લા કેન્દ્રો તરફથી યુનિવર્સિટી કાર્યાલય પર (1) તા. 7/08/2009 (2) તા. 10/08/2009 (3) તા.

11/08/2009 સુધીમાં જમા કરાવવાનું જણાવવામાં આવેલ. રાજય ના 28 જિલ્લા કેન્દ્રો ને ઉપરોકત ત્રણ તારીખમાં વહેંચવામાં આવેલ

પ્રવેશ ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ 24/07/2009 હતી પરંતુ વરસાદ પૂર જેવી પરિસ્થિતિ ને ધ્યાને લઈ પ્રવેશ ફોર્મ સ્વીકારવાની તા. 31/07/2009 સુધી લંબાવવામાં આવી હતી. જેથી કરીને વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે . દરેક શહેરના અગ્રણી સમાચારપત્રો માં આ અંગે પ્રેસ નોટ આપવામાં આવી.

AUG-2009 ના દરેક અભ્યાસક્રમો માટેની જાહેરાત ETVગુજરાતી તથા Tv9 માં આપવામાં આવી.

પ્રવેશ પ્રક્રિયાના ભાગ રૂપે BPP પાસ વિદ્યાર્થીઓને તથા S.Y.,T.Y. અને M.A-IIના વિદ્યાર્થીઓ ને ઓફર લેટર મોકલવામાં આવ્યા.

દરેક વિદ્યાર્થીઓને અનુરોધ કરવામાં આવે છે કે આપના નામ- સરનામાં, અભ્યાસકેન્દ્ર વિષય, ફેકલ્ટી અંગે કરવાના થતા ફેરફાર અંગે નોંધણી નંબર મળ્યા પછી ના 60 દિવસ માં યુનિવર્સિટી કાર્યાલય પર અરજી કરવાની થશે. પ્રવેશ આપવામાં આવેલ દરેક વિદ્યાર્થીઓના I-card તેમજ મટીરીયલ તેમના પ્રવેશ અંગેના પત્ર માં જણાવ્યા મુજબ ના કેન્દ્રો પર થી પ્રાપ્ત થશે.

દરેક કેન્દ્ર સંચાલકોને કે જેમને પોતાના કેન્દ્ર ને લગતી કોઈપણ માહિતી અંગે ફેરફાર કરવાનો થતો હોય તે અંગેની માહિતી યુનિવર્સિટી પર અભ્યાસ કેન્દ્ર સંચાલન વિભાગ, વહેલી તકે પહોંચતી કરવા માટે જાણ કરવામાં આવે છે. જેથી કરીને સામાન્ય કિસ્સાઓની વિદ્યાર્થીઓ ને પડતી મુશ્કેલીઓને નિવારી શકાય.

પ્રવેશ અંગેની વિગતવાર માહિતી યુનિવર્સિટી વેબસાઈટ WWW.baou.org.પરથી મેળવી શકાશે.

-ઉમેદભાઈ એસ. ધાધલ

## રેડિયો

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા મહિનાના ત્રીજા રવિવારે સવારે 9 થી10 દરમિયાન જીવંત ફોન ઈન કાર્યક્રમ'જ્ઞાનવાણી' રેડિયો (105.4 FM)પરથી પ્રસારિત થાય છે. જે અનુસંધાને યોજાયેલા કાર્યક્રમો નીચે મુજબ છે.

તા.17/05/09 ના રોજ શિક્ષણના વિદ્યાર્થીમાટે શિક્ષણમાં કમ્પ્યુટર અને ટેકનોલોજી' વિષય પર જાણીતા શિક્ષણશાસ્ત્રી પ્રો. ભરત જોશીએ લાઈવ ફોન ઈન દ્વારા શિક્ષણ આપ્યું હતું. સંચાલન પ્રા. હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું. તા.19/07/09 ના રોજ સમાજશાસ્ત્ર ના વિદ્યાર્થી માટે જાણીતા સમાજશાસ્ત્રી પ્રો. ગૌરાંગ જાનીએ " 'વર્તમાન ભારતમાં જ્ઞાતી વ્યવસ્થા:વાસ્તવિક્તા અને પરિવર્તન' " વિષય પર જીવંત ફોન ઈન કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓની જીજ્ઞાસા સંતોષી હતી. સંચાલન ડૉ. શૈલજા ધ્રૂવે કર્યુ હતું. અનેક વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછી જિજ્ઞાસા સંતોષી હતી. નેહા ભટ્ટનો ટેકનીકલ સપોર્ટ મળ્યો હતો.

**સેટોડિયલ વિભાગ**

હવેથી SATODL ની ફ્રીકવન્સી બદલાય છે,જે નીચે મુજબ છે.જેની સૌ કેન્દ્ર સંયોજકોએ નોંધ લેવી.

11523 મેગાહર્ટઝ

1700 સિમ્બોલ રેટ

કેયુબેન્ડ યુનિવર્સલ

- તા.27/07/09 ના રોજ નોર્થવેમ્પટન યુનિવર્સિટીના પ્રતિનિધિ ડૉ. જેનેટ વિલ્સન અને ડૉ. લિસા મૂનીસ્મિત દ્વારા વકતવ્યનું આયોજન થયું હતું.

  ડૉ. જેનેટે,પોષ્ટ કોલોનિઝમએન્ડ આફટર વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. લિસાએ રિસર્ચ ઈન હાયર એજ્યુકેશન વિશે માહિતી પૂર્ણ વકતવ્ય આપ્યું હતું.
- તા.28/07/09 ના રોજ પેનલ ડિસ્કશનનું આયોજન કરાયું હતું. જેમાં ડૉ. સિતાંશુ યશશ્ચન્દ્ર, ડૉ. ઇલસામૂનીસ્મિત ડૉ.એ.કે.સિંહ, ડૉ.જેનેટ વિલ્સને ભાગ લીધો હતો. સંકલન પ્રા. કમલ જોશી અને સુરભિ ભપલે કર્યુ હતું.
- તા.02/08/09 ના રોજ સેટોડિયલ કાઉન્સીલિંગમાં ઈંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી નવી દિલ્હીના પ્રો. વાઈસ ચાન્સલર પ્રો. કે. આર. શ્રીવત્સવે 'ઈ લર્નિંગ' ના સંદર્ભે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું.

  સ્ટુડિયોમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન પ્રા. હરદ્વાર ગોસ્વામી અને પરિચય ડૉ. બી. રાજગોપાલ (નિયામક: પ્રાદેશિક કેન્દ્ર, ઈગ્નૂ, અમદાવાદ) આપ્યો હતો. સંકલન ડૉ.મેહુલ પંડયાએ કર્યુ હતું.

  ડૉ. બાબાઆંબેડકર ઓપન યુનિવર્સિટી ના અધ્યાપકો, કેન્દ્ર સંયોજકો તથા જીજ્ઞાસુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.
- તા. 7/08/09 ના રોજ સેટોડિયલ વિભાગ દ્વારા ભાષાશિક્ષણ ફ્રેન્ચ લેંગ્વેંજનું શિક્ષણ કે.કા.શાસ્ત્રી સરકારી કોલેજના પ્રા. નિસર્ગ આહિરે (કો. ઓર્ડિનર - ફોરેન લેન્વેઝીસ) શિક્ષણ આપ્યું હતું સંચાલન પ્રા. હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતું.

- હરદ્વાર ગોસ્વામી

## સ્વાધ્યાયકાર્ય વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઓગષ્ટ-૨૦૦૯ના પ્રવેશાર્થીઓ માટેના સ્વાધ્યાય કાર્યો તૈયાર થઈ ગયા છે. જે ટૂંક સમયમાં દરેક અભ્યાસકેન્દ્ર પર મોકલવામાં આવશે યુનિવર્સિટીના માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમ, MHD. MEG. MSO. MGT. તેમજ B.A/B.Com.કોમર્સ ડિપ્લોમાં ના તમામવિદ્યાર્થીઓને પોતાના સ્વાધ્યાયકાર્યો મટીરિયલ સાથે અભ્યાસકેન્દ્ર પરથી લેવાના રહેશે હેલ્થ ડિપ્લોમાં DVHW, DMCH અને PGDDE, MVRE/MVPMના વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્યો તેમના રહેઠાણના સરનામે મોકલી આપવામાં આવશે યુનિવર્સિટીના પ્રમોટી વિદ્યાર્થી તેમજ બહારગામરહેલા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. તમામ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને સૂચિત કરવામાં આવે છે. કે સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાની છેલ્લી તારીખ : ૩૦/૧૨/૦૯ તેમજ તારીખ :૩૦/૦૧/૨૦૧૦ ની સમય-મર્યાદામાં અનિવાર્ય પણે જમા કરવાના રહેશે સમય-મર્યાદા બાદ અભ્યાસકેન્દ્ર તેમજ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્યો સ્વીકારવામાં આવશે નહીં .

તમામ અભ્યાસ કેન્દ્રોના સંયોજકશ્રીઓને ફરીથી ધ્યાન દોરવામાં આવે છે કે સ્વાધ્યાય કાર્ય પધ્ધતિમાં ઓગષ્ટ-૨૦૦૮/૨૦૦૯ માં APB ની મંજૂરી અન્વયે ફેરબદલ થયેલ છે.

B.A/B.Com.ના પ્રથમવર્ષના વિદ્યાર્થીઓના તમામઅભ્યાસક્રમોમાં એક-એક સ્વાધ્યાય કાર્ય પણ બીજા અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની ક્રેડીટ પ્રમાણે ૨/૩ સ્વાધ્યાયકાર્યો આપવા તેમજ વિદ્યાર્થીઓ પાસેથી પરત લેવાના રહેશે. M.A.પાર્ટ-૧,પાર્ટ-૨ તેમજ ડિપ્લોમાં કોમર્સ હેલ્થ વગેરે તમામ અભ્યાસક્રમમાં એક-એક સ્વાધ્યાયકાર્ય આવશે.

-પ્રા.કુસુમશર્મા

## MSW વિભાગ

MSW અભ્યાસક્રમમાં ૪૧ જેટલાં વિદ્યાર્થીઓની અંતિમમૌખિક પરીક્ષા પૂર્ણ થઈ ગયેલ છે અને એમને ફાઈનલ પરિણામ આપી દેવામાં આવેલ છે. બાકી રહેલ વિદ્યાર્થીઓની અપૂરતી શૈક્ષણિક પ્રવૃત્તિનાં કારણે અંતિમમુખ્ય મૌખિક પરિક્ષા અને ફાઈનલ પરિણામ બાકી છે. જેમ-જેમ અપૂરતી શૈક્ષણિક પ્રવૃત્તિ જમા થતી જશે અને વિદ્યાર્થીઓની ૧૫-૨૦ સંખ્યા થતી જશે તેમતેમ આગળની કામગીરી પૂર્ણ કરી ફાઈનલ પરિણામ આપવાની કામગીરી કરવામાં આવશે. - નવનીત ગાયકવાડ

## ડિઝિટલ ઈંગ્લિશ લેંગ્વેઝ લેબ

રાજયસરકારશ્રીની રૂા. 54,00,000/- ગ્રાંટ મળતા સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત શરૂ થયેલ ડિઝિટલ ઈંગ્લિશ લેંગ્વેઝ લેબ પ્રોજેકટમાં વ્યાખ્યાતાઓની ટ્રેનિંગનું આયોજન તા. 20 થી 23 જુલાઈ 2009 દરિમયાન એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયુટ વલ્લભ વિદ્યાનગર ખાતે કરવામાં આવેલ જમાં ૭૦ વ્યાખ્યાતા મિત્રોએ ભાગ લીધેલ.

## પ્રોગ્રામએડવાઈજરી કમિટીની બેઠકો

### વાંસ હસ્તઉદ્યોગ પ્રશિક્ષણ કાર્યક્રમ

તા :30/06/2009 થી તા:01/07/2009 નાં રોજ વાંસ હસ્ત ઉદ્યોગ પ્રશિક્ષણ અભ્યાસક્રમબનાવવા અંગે એક PAC અને વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં શ્રી. સુનીલ દેશપાંડે (અમરાવતી) શ્રી પ્રમોદ કુલકરણી (પુના)શ્રી સુનિલ ત્રિવેદી (અમદાવાદ) શ્રી પરાગ નાઈક (BAOU બોર્ડ સભ્ય) ની હાજરીમાં નીચે પ્રમાણે અભ્યાસ ક્રમની રચનાં કરવામાં આવેલ છે. જેનો સંપૂર્ણ પણે અભ્યાસક્રમતૈયાર કરવામાં આવેલ છે.

1 વાંસ નર્સરી તાલીમકાર્યક્રમ(ત્રણ દિવસ)
2 વાંસ હસ્ત શિલ્પ પરિચય (સાત દિવસ)
3 વાંસ હસ્ત શિલ્પ પ્રશિક્ષણ (એક મહિનો)

ઉપરોકતમાંથી આજ દિન સુધી વાંસ હસ્ત ઉદ્યોગ પ્રશિક્ષણ અંગે અભ્યાસક્રમબનાવવામાં આવેલ છે. આગામી ભવિષ્યમાં 'છ' માસ અને બે વર્ષનો સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કોર્સ શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

## માસ્ટર ઑફ સોશ્યલ વર્ક (MSW)

તા.૧૬ જુલાઈ ૨૦૦૯નાં રોજ MSW નવાં અભ્યાસક્રમની ચર્ચા વિચારણા કરવા અંતર્ગત એક PAC મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં MSW અભ્યાસક્રમઅંતર્ગત નવા PAC સભ્યની નિમણુંક કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.જેમાં નામનક્કી થઈ ગયેલ છે અને ટૂંક સમયમાં PAC સભ્યોને બોલાવીને એક-એક અભ્યાસક્રમના રચના, તેના બ્લોક, એકમ, વિષયવસ્તુ, ક્રેડીટ વગેરેની કામગીરી કરવા અંગે એક વર્કશોપનું આયોજન કરવા અંગે આ PAC મિટીંગમાં મંથન કરવામાં આવેલ હતું.

## N.G.O. મેનેજમેન્ટ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સ્વૈચ્છિક સંગઠન સંચાલન અંગે એક સર્ટીફિકેટ નવા અભ્યાસક્રમની શરૂઆત કરવા અંતર્ગત તા.4/7/09 ના રોજ યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રીની ઓફિસમાં PAC મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડૉ. શ્રધ્ધાબેન રાય, ડૉ. ગૌરાંગભાઈ જાની, મંદાબહેન પરીખ, ડૉ. ભાવનાબેન જોષીપુરા, શ્રી પરાગભાઈ નાઈક, ડૉ. મેહુલભાઈ પંડયા, ડૉ. દક્ષાબેન ઠાકર વગેરે વિષય નિષ્ણાંતોએ હાજરી આપી હતી. જેમાં દરેક સભ્યને ઈગ્નુના પુસ્તકો અંગેનો અનુવાદ અને મૌલિક લખાણ કરવા માટેની કામગીરીની વહેંચણી કરવામાં આવેલ હતી. જેમાં ગુજરાતની N.G.O.નાં ઉદાહરણ, સરળ ભાષા, સ્પષ્ટ રજૂઆત, દરેક લેખકોને ભાવાનુવાદને ધ્યાનમાં રાખી અનુવાદ કરવા તથા આ અભ્યાસક્રમને પ્રેક્ટીકલ ઉપર વધુ ભાર મુકવો વગેરે બહેનો માટે આ PAC મિટીંગમાં સૂચન કરવામાં આવેલ છે.

## બેચલર ઑફ લાઈબ્રેરી ઍન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ

તા.૩૧-૦૮-૦૯ ના રોજ બ્લીસ PAC મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. હાજર રહેલ તમામ સભ્યોશ્રીની ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબની ભલામણ કરવામાં આવી.

- બ્લીસ અભ્યાસક્રમની પ્રવેશ પાત્રતામાં "50 % સાથે સ્નાતક પદવીને" બદલે "માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી"
- પરામર્શકોની લાયકાત માટે કોઈ પણ કૉલેજ, સંસ્થા કે યુનિવર્સિટીની લાયબ્રેરીનો ૫ વર્ષનો કાર્ય અનુભવ
- MLISની PAC માટે વિચારણા
- સ્વાધ્યાયકાર્ય બનાવવાની પેનલ અંગે.

## પ્રાસંગિક

### સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને આર.સી.ટેકનીકલ ઈન્સ્ટિટ્યુટના સંયુક્ત ઉપક્રમે આર.સી. ટેકનીકલના પટાંગણમાં ૬૨મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કુલપતિ શ્રી ડૉ.મનોજભાઈ સોની દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.

રાષ્ટ્રપર્વના આ કાર્યક્રમમાં આર.સી.ટેકનીકલના પ્રિન્સીપાલ, કર્મચારીઓ, યુનિવર્સિટીના નિયામકશ્રી, રજિસ્ટ્રારશ્રી, વ્યાખ્યાતા, અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સમઋષિને નમસ્કાર, વન્દે માતરમ્ ભારતમાતાની જય એવા જય ઘોષ સાથે પોતાનું પ્રસંગોચિત વક્તવ્ય આપણાં માન.કુલપતિશ્રી ડૉ.મનોજભાઈ સોનીએ કહ્યું કે આજના ભારતના સપૂતો અને સૂપુત્રીઓ હાજર હોય અને નારા ધીમાં ન હોય. ફરીથી જય નાદ બોલાવ્યા. ૬૩માં આઝાદીના મંગલદિને આપણે સૌ ભેગા થયા છીએ. ઇવશ્વની નજર ભારત દેશ પર છે અને તેમાં ગુજરાત રાજ્ય જે પ્રગતિના પંથે છે. તે જોતાં કોઈ ઋષિએ ભાખેલી ભવિષ્ય વાણી જે હવે સત્ય થવાની ઘડી નજીકમાં છે.

તેઓએ આર.સી.ટેકનિકલના પ્રિન્સીપાલશ્રી અને

સ્ટાફને આમંત્રણ આપતાં કહ્યું કે આવતાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય તે પોતાના મકાનના પ્રાંગણમાં કરશે અને તેમાં મહેમાન તરીકે આપને આમંત્રણ આપું છું. આમ કહી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું.

રૂાર.સી.ટેકનીકલના પ્રિન્સીપાલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સર્વને શુભેચ્છા પાઠવી આર.સી.ટેકનીકલના એન.સી.સીના વિદ્યાર્થીઓની પરેડ બાદ બન્ને સંસ્થા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને કાર્યક્રમ પૂર્ણ થયો.

- ચેતના શાહ

## વિદાય સમારંભ:



તા.17-08-2009ના રોજ ઉમિયા કેમ્પસ, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ ખાતે પૂર્વ માનનીય કુલપતિ ડૉ.એ.કે.સિંહ સાહેબના માનમાં વિદાય સમારંભ ડૉ.મનોજભાઈ સોની કુલપતિશ્રી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલો. જેમાં બોર્ડ ઑફ મેનેજમેન્ટ, એકેડેમિક પ્લાનીંગ બોર્ડના સભ્યશ્રીઓ તથા યુનિવર્સિટીના સ્ટાફે ભાગ લીધેલો. કાર્યક્રમનું સંચાલન કરતા હરદ્વાર ગોસ્વામી એ જણાવ્યું કે "સિંહસાહેબ ભૂતપૂર્વ નહીં પણ અભૂતપૂર્વ કુલપતિ હતા."

પ્રાર્થના અને દીપપ્રાગટય દ્વારા કાર્યક્રમને ઉદ્‌ઘાટીત કરવામાં આવ્યો. સ્વાગત પ્રવચન ડાં. મેહુલભાઈ પંડયા (નિયામક SSS) દ્વારા કરવામાં આવ્યું .પુષ્પ અર્પણ કરી માન. કુલપતિ ડાં.મનોજ સોનીનું અભિવાદન કરવામાં આવ્યું. ડાં.શ્રધ્ધાબેન રાય (BOM સભ્યશ્રી) દ્વારા ત્રણ વર્ષનો ચિતાર અને ગૌરાંગ જાની (BOM સભ્યશ્રી) અને યુનિવર્સિટી ના વ્યાખ્યાતા કુસુમબેન શર્મા દ્વારા ડૉ.એ.કે.સિંહ વિશ વકતવ્ય કરવામાં આવ્યું.

કુલપતિશ્રી ડૉ.મનોજભાઈ સોનીએ પોતાના વકતવ્યમાં કહ્યું કે આ યુનિવર્સિટીના પાયામાં ડૉ.એ.કે.સિંહ સાહેબનો ફાળો છે એમને જે નવા અભ્યાસક્રમો અને નવી પ્રણાલી શરૂ કરી છે જેને આગળ લઈ જવાની આપણા સૌની જવાબદારી છે .એમનો હવે પછીનો સમય શૈક્ષણિક સેવાઓમાં જાય અને ઉત્તમ રીતે જીવન વિતાવે એવી શુભકામના સાથે વકતવ્ય પૂર્ણ કર્યુ.

સંજોગોવશાત ડૉ.એ.કે.સિંહ સાહેબ હાજર શકયા ન હતા. એમના વતી સન્માન બોર્ડ સભ્ય શ્રી પરાગ નાઈક, ગૌરાંગભાઈ જાની, શ્રધ્ધાબેન રાય અને નિયામક ભાઈ પંડયા દ્વારા સ્વીકારવામાં આવ્યું હતુ. આવેલ ત સભ્યોશ્રીઓનો આભાર માની ભોજન બાદ કાર્યક્રમ પૂરો થ

- ચેતના

## યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કાવ્યસંગ્રહ માટે ક મોકલવા ઈજન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન શિક્ષક,વિદ્યાર્થી, કેન્દ્ર સંયોજક, પરામર્શક ઈત્ય કવિઓનો એક કાવ્યસંગ્રહ પ્રકાશિત કરવા વિચાર્યું છે. સર્જકોને કૃતિ મોકલવા ઈજન છે.

આ કાવ્યસંગ્રહનું સંપાદન કવિશ્રી હરદ્વાર ગોસ્વા કરશે. સૌ કવિઓ કાવ્ય તેઓશ્રીને મોકલવા જણાવાયું છે.

## ઉચ્ચશિક્ષણમાં દૂરગામી શિક્ષણનો ફાળો

શિક્ષણ કેળવણી, વિધા, Education જેવા શ સંભળાતા આપણે સાંભળીએ છીએ. ગુજરાતીમાં આપણે કેળવ અથવા શિક્ષણ જેવા શબ્દોનો ઉપયોગ કરીયે છીએ. શિક્ષણ ગતિશીલ પ્રક્રિયા છે, જે સમય પ્રમાણે બદલાય છે અને પ્રગતિ પામે લોકોની અને સમાજની જરૂરિયાતો પૂર્ણ કરે છે અને સાર્વત્રિ વિકાસના સંદર્ભમાં દેશને અનન્ય શકિત આપે છે. વીસમી સદી છેલ્લા ગાળાને ધ્યાનમાં રાખીએ તો, તે સમયે સૌથી વધુ ટેકનોલો પર લોકોએ ભાર મુકયો, જેના પરિણામે એકવીસમી સદીમાં જ્ઞાન વિસ્ફોટ થતાં લોકોને શિક્ષણ અને જ્ઞાનની ભૂખ ઉપડી. શિક્ષણ ગતિશીલતા એ આપણા શિક્ષણવિદો, શિક્ષણશાસ્ત્રીઓ અ શિક્ષિતોને શિક્ષણ પ્રત્યે આકર્ષ્યા છે. એટલું જ નહી પણ વર્તમા પરિસ્થિતિઓને જોતા શૈક્ષણિક સુવિધાઓ, શૈક્ષણિક માળખું અને ન શૈક્ષણિક વિકલ્પો માટે વિચારવા માટે મજબૂર કર્યા છે.

**સ્વરૂપની દ્રષ્ટિએ શિક્ષણના પ્રકાર જોઈએ તો,**

1 ઔપચારિક અથવા વૈધિક શિક્ષણ (Formal Education)

2 અનૌપચારિક શિક્ષણ (Informal Education)

3 દૂરવર્તી શિક્ષણ (Non-formal-distance Education)

એકવીસમી સદીની માંગને ધ્યાનમાં રાખી ૧૯૮૬ માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં આવી. તે જ રીતે UNESCO દ્વારા ૧૯૯૦ માં સર્વ માટે શિક્ષણના અભિગમને ફલિતાર્થ કરવા દૂરગામી શિક્ષણનો અમલ શરૂ થયો. Programme of Action (POP in 1992), NEP (1985), International Conference on

Higher Education અને WTO Conference માં થયેલ ચર્ચા અને અભ્યાસ પરથી, દૂરગામી શિક્ષણને એક આદર્શ વિકલ્પ તરીકે સ્વીકારવામાં આવ્યો . ભારતની વાત કરીએ તો તેનો ઈતિહાસ જૂનો છે. છેક ૧૯૬૨ માં દિલ્હી યુનિવર્સીટી દ્વારા પ્રથમવાર પત્રવ્યવહારથી શિક્ષણની શરૂઆત કરવામાં આવી. અન્ય યુનિવર્સિટીઓમાં પણ ઔપચારિક શિક્ષણની સાથે સાથે અનૌપચારિક શિક્ષણને વેગ મળ્યો. Open University ની ઉપયોગિતા અને યથાર્થતા પર વિચાર વિમર્શ કર્યો . જેના હકારાત્મક ફલિતાર્યરૂપે ભારતમાં ૧૯૮૨ માં સૌપ્રથમહેદરાબાદ ખાતે Dr. B.R.Ambedkar Open University (BRAOU) નામઆપવામાં આવ્યું. પ્રવર્તમાન શિક્ષણના વેગને તથા ભૂખને પહોંચી વળવા અને ચોકકસ શૈક્ષિણક ગુણાંકને ધ્યાનમાં રાખવા ભારત સરકાર દ્વારા ૧૯૮૫ માં ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિ. (IGNOU) ની સ્થાપના કરવામાં આવી. જે માટે UGC દ્વારા યુનિવર્સિટીને સત્તા સોંપવામાં આવી. રાષ્ટ્રીયશિક્ષણનીતિ - ૧૯૮૬ દ્વારા ઉચ્ચશિક્ષણ માટેની તકો વધારવા, શિક્ષણનું લોકશાહીકરણ કરવા તેમજ તેને અવિરત પ્રક્રિયા બનાવવાના હેતુથી ઓપન યુનિવર્સિટી શિક્ષણ પદ્ધિતને મજબૂત અને વ્યાપક બનાવવાનું જણાવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ દેશમાં રાષ્ટ્રીય કક્ષાએ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા દરેક રાજયમાં અલાયદી ઓપન યુનિ. થાય તેવી વ્યવસ્થા વિચારવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણના ભાગરૂપે Dr. Baba Saheb.Ambedkar Open University રાજયની વિધાનસભાએ પસાર કરેલ અધિનિયમદ્વારા ગુજરાત સરકારે ૧૯૯૪ માં આ યુનિ. ની સ્થાપના કરી જેનો પાયાનો હેતુ બહુવિધ સાધનોના ઉપયોગ દ્વારા શિક્ષણ અને જ્ઞાનનું સંચરણ અને સંક્રમણ કરવાનો છે. આ ઉપરાંત તેના અન્ય હેતુમાં સમાજના શૈક્ષણિક કલ્યાણની અભિવૃધ્ધિ કરવી તે છે. દૂરગામી શિક્ષણ અને ઓપન યુનિવર્સિટીના માધ્યમથી ઉચ્ચ શિક્ષણની ગતિવિધિઓ વધવા માંડી. સાર્વત્રિક શિક્ષણ અને સર્વ માટે શિક્ષણની સંકલ્પના દૂરગામી શિક્ષણથી શિક્ષણનું સ્વપ્ન સાકાર થયું. દૂરગામી શિક્ષણનો મૂળ ખ્યાલ આજે વિશ્વના વિવિધ દેશોમાં જુદાં જુદાં નામથી ઓળખાય છે.

**દૂરગામી શિક્ષણની જરૂર શા માટે ?**

શિક્ષણની સુવિધાઓ દ્વારા હાલમાં ઉચ્ચ શિક્ષણની ટકાવારી ૭.૫ છે તેને ૨૦૧૦ સુધીમાં ૨૦ સુધી પહોચાડવા માટે દૂરગામી શિક્ષણ જરૂરી છે. આ સંજોગોમાં દૂરગામી શિક્ષણ એક પુરક પ્રણાલી તરીકે આદર્શ પ્રક્રિયા ગણી શકાય. અંતરિયાળ વિસ્તારમાં વસ્તા ગરીબ અને પછાત વર્ગનાં લોકો માટે આ શિક્ષણ જીવનનો નવો વળાંક લઈને આવ્યું છે. શૈક્ષિણક રીતે પછાત વિસ્તારમાં રહેતા અને હુન્નર દ્વારા રોજીરોટી મેળવતા લોકો માટે ઉચ્ચ શિક્ષણ જરૂરી છે, સમય અને નાણાંની બચત સાથે સગવડભર્યુ શિક્ષણ આ લોકો માટે અગત્યનું બની રહે છે ત્યારે સરકાર દ્વારા હાથ ધરાયેલ દૂરગામી શિક્ષણના તમામપ્રોજેકટને હકારાત્મક પ્રતિભાવ સાંપડયો છે. દૂરગામી શિક્ષણથી અનુસાક્ષરતાનો બહોળો પ્રચાર થયો છે. સામાન્ય વ્યકિત સુધી શિક્ષણને પહોંચાડવું હોય તો દૂરગામી શિક્ષણ એક સાંકળરૂપ સાબિત થઈ શકે છે અને અત્યાર સુધીના ઈતિહાસમાં સમગ્ર ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં શિક્ષણની વિવિધ પાંખોને સાંકળવા માટેના પ્રયત્નો સફળ રહયા છે. સમયની બાંધછોડ અને પસંદગીની ઉમદા તકો આપતું આ શિક્ષણ એક અસરકારક માધ્યમતરીકે આવ્યું છે.

દૂરગામી શિક્ષણનો પાયાનો હેતુ શિક્ષણથી વંચિત લોકોને શિક્ષણ આપવું અને શૈક્ષણિક સેવાઓની ઉપલબ્ધિ દ્વારા જ્ઞાનનો વિકાસ કરવો. ભૌગોલિક , આર્થિક કે સામાજિક કારણોસર દેશનો નાગરિક નિરક્ષર રહે તે દેશની નબળાઈ ગણાય અને દૂરગામી શિક્ષણનો હેતુ છે વ્યકિતને તમામપ્રકારનું જ્ઞાન પોતાની અનુકૂળતાએ આપવું. દૂરગામી શિક્ષણથી શિખનાર સક્રિય બને છે - શું શિખવું? કયારે શિખવુ ? અને કેવી રીતે શિખવુ ? એ શીખનાર પોતે નકકી કરી શકે છે - જે અસરકારક શિક્ષણમાં ખૂબ જ જરૂરી છે.

આજના આધુનિક યુગમાં જયારે કમ્પ્યુટર અને ઈન્ટરનેટ જેવી ઝડપી અને ચોકસાઈપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ છે. ત્યારે લોકોએ શિક્ષણનો વધુ ને વધુ ફાયદો ઉઠાવવા માટે આ શિક્ષણ તરફ જવું જ પડશે. આર્થિક રીતે પોસાય તેવું આ શિક્ષણ આર્થિક ભીંસ અનુભવતા લોકો માટે પણ શિક્ષણનું ઉત્તમમાધ્યમબન્યું છે. વ્યવસાયિક વિષયોની વિવિધતા હોવાથી વ્યકિત પોતાની કુશળતા , શોખ, વ્યવસાય , અને ઈચ્છા મુજબ જે તે અભ્યાસની પસંદગી કરી શકે છે. ઓછા સમયગાળામાં વધુ લોકોને શિક્ષણ આપવા માટે જુદા જુદા પ્રસાર માધ્યમો દ્વારા શિક્ષણ શકય છે અને તેથી જ દૂરગામી શિક્ષણનાં કેન્દ્રો અને તેમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહયો છે. ગુજરાતની BAOU દ્વારા અભ્યાસ માં વિવિધતા ઉપરાંત કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમઆપવાનો પ્રયાસ સરાહનીય છે.

**દૂરગામી શિક્ષણને અસરકારક અને સફળ કેવી રીતે બનાવી શકાય?**

કોઈપણ શૈક્ષિણક પદ્ધતિનું તેની અસરકારકતા અને સફળતાના ધોરણે જ કરી શકાય. નવતર પ્રયોગ કરતી વખતે તેમાં રહેલા પડકારનો સામનો કઈ રીતે થાય તે જાણવું તેટલું જ જરૂરી છે. દૂરગામી શિક્ષણને જયારે એક અસરકારક વિકલ્પ તરીકે સાર્વત્રિક સ્વીકૃતી મળી છે ત્યારે તેનો યોગ્ય ઉપયોગ થાય તે ખૂબ જ જરૂરી છે. ઔપચારિક શિક્ષણની સરખામણીમાં આ શિક્ષણ તદન અલગ હોવાથી આ શિક્ષણની સેવા આપનાર લોકોએ પ્રતિબધ્ધતા દાખલ કરવી જ પડે તે અત્યંત જરૂરી છે. આ શિક્ષણનો પાયાનો હેતુ સિધ્ધ કરવા માટે તેના મૂળ સિધ્ધાંતોનો અમલ થાય તો જ આ શિક્ષણ અસરકારક બની શકે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની જરૂરિયાત ને પહોંચી વળવા માટે આધુનિક માંગ પ્રમાણેનું શિક્ષણ યોગ્ય ટેકનોલોજી નો યોગ્ય ઉપયોગ અનિવાર્ય છે જેથી અંતરિયાળ વિસ્તારમાં પણ ઉત્તમસુવિધા પૂર્ણ શિક્ષણ પહોંચાડી શકાય વિદ્યાર્થીઓની જરૂરિયાત પ્રમાણે જ અભ્યાસક્રમની પસંદગી કરવી સમય વ્યવસ્થાનો ખાસ ખ્યાલ રાખવો અને પ્રવેશ પ્રક્રિયા થી લઈ પરિણામપ્રસિધ્ધ કરવા સુધીની કાર્યવાહી વિદ્યાર્થીઓના હિતાર્થે થાય તેમજ શૈક્ષિણક કેલેન્ડરનો ચુસ્ત પણે અમલ થાય તો આ શિક્ષણ પ્રથા ચોકકસ અસરકારક નીવડી શકે વર્તમાન પ્રવાહોને ધ્યાનમાં રાખી

અન્ય કોલેજો સાથે પારસ્પરિક સંબંધો કેળવવા તેમજ આંતર વ્યવહારના હકારાત્મક અભિગમથી વિદ્યાર્થીઓમાં વિશ્વાસ કેળવવાથી, તેમની સંખ્યામાં વધારો થઈ શકે, શિક્ષણનો મૂળ હેતુ જાગૃતિ ,વિકાસ અને સ્વાવલંબન છે. જો આ હેતુઓ સિધ્ધ થઈ શકયા હોત તો તે શિક્ષણ અસરકારક જ હોઈ શકે. શિક્ષણના નીતિ નિયમોનું પાલન થાય તેમજ નીતિ વિષયક બાબતોમાં વિદ્યાર્થી સંતુષ્ઠ થાય તે જોવું જરૂરી છે.

**શિક્ષકની ભૂમિકા**

શિક્ષણના દરેક અભિગમમાં શિક્ષક મોખરે છે. વિદ્યાર્થી સાથે સંબંધ રાખનાર શિક્ષકની ભૂમિકાનું વિશ્લેષણ જરૂરી છે. દૂરગામી શિક્ષણને અસરકારક અને સફળ બનાવવા માટે શિક્ષકની જાગૃતિ અને પ્રતિબધ્ધતા અનિવાર્ય છે. દૂરગામી શિક્ષણ આપનાર શિક્ષકે સુવિધા પૂરી પાડવાનું કાર્ય કરવાનું છે. તાલીમકેન્દ્રોમાં યોગ્ય તાલીમમેળવી તેમજ ઉત્તરોત્તર પોતાના જ્ઞાનમાં વધારો કરવો જોઈએ. દૂરગામી શિક્ષણને લગતા વિવિધ મુદ્દાઓ અને નવીન બાબતોથી શિક્ષક વાકેફ હોવો જોઈએ અહીયા શિક્ષકે એક જવાબદાર નેતા તરીકેનું કાર્ય કરવાનું છે વિદ્યાર્થીઓમાં જાગૃત થતી વૈવિધ્ય સભર શિક્ષણની ભૂખ ઉઘાડી સંતોષવાનું કાર્ય શિક્ષકનું છે અને તે માટે શિક્ષકની ભૂમિકા અગ્રેસર છે. વિદ્યાર્થીના મનને સમજી શિક્ષણના હાર્દ સુધી પહોંચવાનું કાર્ય શિક્ષકનું છે. વિદ્યાર્થીમાં ગુણવત્તા સભર શિક્ષણનો સંચાર થાય તે માટે શિક્ષકે આ શિક્ષણ પ્રથાના મૂળ હેતુને સિધ્ધ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ શિક્ષણ દેશના વિકાસ માટે જરૂરી છે. એક શિક્ષક તરીકે પોતાની નૈતિક જવાબદારી અદા કરવા માટે દૂરગામી શિક્ષણ આપનાર કોઈ પણ શિક્ષકે નીતિ બધ્ધ થવું જ પડે PERSONAL CONTACT PROGRAMME (PCP) ધ્વારા શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કરવો સ્વાધ્યાયકાર્યનું યોગ્ય પરીક્ષણ થાય તે જરૂરી છે. આ શિક્ષક આધુનિક ટેકનોલોજીનો જ્ઞાતા હોવો જોઈએ અને એ ધ્વારા શિક્ષણોત્તર પ્રવૃત્તિઓમાં સક્રિય બની વિદ્યાર્થીઓ સુધી જ્ઞાનનો સ્ત્રોત વહાવવાની ભૂમિકા પણ શિક્ષકની જ છે પોતાને એક સલાહકાર,માર્ગદર્શન, સમસ્યા ઉકેલનાર અને વ્યવસ્થાપક તરીકે સ્થાપિત કરવા એ આ શિક્ષકની ભૂમિકા છે. શિક્ષણના મનોવૈજ્ઞાનિક અભિગમને પૂર્ણ કરવા માટે શિક્ષકે વર્તમાન વિદ્યાર્થીના હૃદય અને મન સુધી પહોંચવુ જરૂરી છે. એટલે કે સતત સંપર્ક દ્વારા આ હેતુની સિધ્ધી મેળવવી. આત્મવિશ્વાસ અને નિર્ણય શકિત સારા શિક્ષકના ઉત્તમગુણ કહેવાય. ટૂંકમાં વાત કરીએ તો દૂરગામી શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા કડી રૂપ અને અતિ મહત્વની છે.

પ્રો. હુમાયુ કબીરના મત પ્રમાણે -

"ઊંચી ગુણવત્તાવાળા શિક્ષક વિના ગમે તેટલી સારી શિક્ષણ વ્યવસ્થા હોય તો પણ તે નિષ્ફળ જવાનો સંભવ રહેલો છે."

જેનો આત્મા શુધ્ધ અને પ્રયત્નશીલ હોય, પારદર્શક હોય પ્રવૃત્તિશીલ અને અભ્યાસુ હોય પ્રેરક હોય જેની વાણી - વર્તન ઉમદા અને માયાળુ હોય અને જે સત્યનો ઉપાસક હોય તે જ સાચો શિક્ષક છે.

ભારતમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ :

ભારતમાં ઉચ્ચ શિક્ષણનું સ્તર ઘણે અંશે ઊચું ગયું છે. જેની પાછળ ઘણા કારણો જવાબદાર છે.વર્તમાન પરિસ્થિતિમાં શિક્ષણના પ્રસારનું મૂલ્યાંકન કરવું હોય તો ભૂતકાળના આકડાંઓની સમીક્ષા કરવી ઘટે.

**પ્રણાલીકાગત શિક્ષણની સ્થિતિ**

| | યુનિવર્સિટી | કોલેજોની | વિદ્યાર્થીઓની | ફેકલ્ટીઓની |
|---|---|---|---|---|
| વર્ષ | સંખ્યા | સંખ્યા | સંખ્યા | સંખ્યા |
| 1951 | 28 | 700 | 0.26 | 2.1 |
| 1981 | 131 | 4886 | 2.75 | 193 |
| 1991 | 176 | 7436 | 4.73 | 263 |
| 2001 | 298 | 12000 | 7.73 | 357 |
| 2003 | 300 | 15343 | 9.2 | 436 |
| 2008 | 435 | 20676 | 11.5 | 472000 |

| વર્ષ | પ્રણાલીકાગત શિક્ષણમાં નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ઓપન યુનિ. દૂરવર્તી શિક્ષણ નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | પ્રણાલીકાગત શિક્ષણની સામે ઓપન યુનિ. અને દૂરવર્તી શિક્ષણમાં નોંધાયેલ વિદ્યાર્થીઓની ટકાવારી |
|---|---|---|---|
| 1967-68 | 1370261 | 8577 | 0.61 |
| 1980-81 | 2752438 | 166428 | 6.0 |
| 1990-91 | 4.99 MILLIAN | 0.56 MILLIAN | 11.20 |
| 1999-20 | 003.73 MILLIAN | 1.58 MILLIAN | 20.14 |
| 2002-20 | 039.2 MILLIAN | 2.0 MILLIAN | 22.0 |

ડો. એચ. એ. હસન,
કો- ઓર્ડીનેટર,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.,દાહોદ કેન્દ્ર
અધ્યક્ષ, વાણિજય વિભાગ,
નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
દાહો

## આ પુસ્તક તમે જોયું ?
## ગીતા પ્રવચનો-વિનોબા ભાવે

વિનોબા ભાવેને આપણે ભૂદાન પ્રવૃત્તિના પ્રણેતા તરીકે જ વધુ જાણીએ છીએ. એ કામઅલબત એમણે ઘણી જરૂરિયાતની વખતે કર્યું. દેશ આખામાં ફર્યા. ખેતીપ્રદાન દેશમાં જમીનનો સાચો સમાજવાદ ઊભો કરવાનું એમનું સ્વપ્ન હતું.

પરંતુ વિનોબાજી માત્ર આવા રાષ્ટ્રીય કાર્યકર કે નેતા જ હતા. એ ઘણા મોટા અભ્યાસી વિદ્વાન હતા. અનેક વિષયોમાં - વે ઉપનિષદથી માંડીને સંસ્કૃત સાહિત્ય, સમાજશાસ્ત્ર, ધર્મ , ઈતિહાસમ એમનું ઘણું વાચન. ભારતની કેટલી બધી ભાષાઓ તે જાણતા હતા!

એમણે આશ્રમમાં ભગવદ્ગીતા વિશે રોજ એક એમટૂંકાટૂં પ્રવચનો કરેલાં એનું પછી પુસ્તક થયું તે આ ગીતા પ્રવચનો. ભારતની ઘ ભાષાઓમાં, કદાચ મૂળ મરાઠીમાંથી એના અનુવાદ થયેલા છે.ગીતા એ એવો ધર્મ ગ્રંથ છે જેમાંનું તત્ત્વજ્ઞાન વિદ્વાનોથી માંડીને સામાન્ય શિક્ષિત અક્ષરજ્ઞાન ન મેળવ્યું હોય એવા પ્રજાજનને પાગ્ર સ્પર્શ છે. કારણ કે સંવાદ છેઃ કૃષ્ણ ગુરુ છે ને અર્જુન શિષ્ય , સંવાદમાં માનવજાત ઉતમોત્તમદર્શન છે. કૃષ્ણે માત્ર અર્જુનને જ નહીં - મનુષ્યમાત્રને ક 'ગીતા'માં, કે 'દિવ્યં દદામિતે ચક્ષુ' - હું તને દિવ્ય દ્રષ્ટિ આપું છું એન

જગતને, જીવન ને જો. આમતો ઘણું કઠિન તત્વજ્ઞાન છે. ભગવદ ગીતાનું ડૉ. રાધાકૃષ્ણને, બાળગંગાધર ટિળકે એમના વિવરણો આપેલાં છે તે 'ગીતા' વિશેનાં અધિકૃત વિવરણો છે. પણ સામાન્ય જનને એ અઘરાં પડે.

વિનોબાજીએ ખૂબજ સરળ ભાષામાં ભગવદ્‌ગીતાના મર્મોને સહજતાથી ખોલી આપ્યા છે. પ્રવચનો હોવાથી એમાં વાતચીતની ભાષાની સાદગી અને જીવંતતા છે. મનુષ્યના કર્તવ્ય પર - કર્મણિ એવ અધિકાર : તે કર્મ એ જ તારું અધિકારક્ષેત્ર, કર્તવ્ય છે- એ ગીતામંત્રને કૃષ્ણે અનેક દૃષ્ટાંતોથી રચ્યો છે. વિનોબાજીએ, કમળના પુષ્પની પાંદડીઓ ખોલતા હોય એવી નજાકતથી ગીતાના સૌંદર્યને એના સાચા બોધને આપણી સામે મૂકયો છે. નાનાં નાનાં પ્રકરણ એમાં નાનાં નાનાં પેરેગ્રાફ. સાદાં દૃષ્ટાંન્તો. વિનોબાજીની કલ્પનાશીલ, પ્રાસાદિક - ઝટ ગળે ઊતરી જાય એવી - ભાષા.

એ આ પુસ્તકનો જાદુ છે.

ખૂબ પરવડે એવી કિંમતે આ પુસ્તક મળે છે - કોઈ પણ પ્રકાશક કે વિક્રેતાને ત્યાંથી એ મળે.

જરૂર વસાવવા જેવું -ને વારંવાર વાંચવા જેવું.

**એન્જોયગ્રાફી - રતિલાલ બોરીસાગર**

નામઅંગ્રેજી - પુસ્તક ગુજરાતી. ગુજરાતી કરીએ. ? આનંદનો આલેખ. પણ એમકરવાથી મૂળની મજા જતી રહે કેમકે અહીં મૂળમાં એક શબ્દ છે - એન્જયોગ્રાફી (Angeography). બહુ બીક લાગે, ચિંતા થાય એવો શબ્દ ! એમાં મજાક પૂર્વક થોડોક ફેરફાર કરીને લેખકે 'એન્જોયગ્રાફી' કર્યું ! (આપણે કેટલીકવાર અંગ્રેજી શબ્દોના ભળતા ઉચ્ચાર નથી કરતા ? જેમકે પર્સનાલિટીને બદલે કેટલાક 'પ્રશનાલીટી' બોલે. એ જ રીતે અંગ્રેજો આપણા શબ્દોના ગોટાળા કરે - ભરુચનું કર્યુ બ્રોચ; વડોદરાનું કર્યુ બરોડા ધન્ય છે આપણી ભારતીય રેલવેને કેટલાંક વર્ષ પહેલાં આપણા બધાં નામમૂળ પ્રમાણે બદલ્યાં. ભરુચ અને વડોદરા લેન્ડલ પણ હજુ અંગ્રેજો રામા-રામા કરે, ને યોગા-યોગા કરેને આપણેય એમના વાદે 'યોગ' નું 'યોગા' બોલીએ ધન્ય છે. આપણી મૂર્ખાઈને - આપણા જ શબ્દો,બીજી ભાષાવાળાએ વિકૃત કર્યા ,ને આપણે વળી એ વિકૃત શબ્દો બોલવામાં ગર્વ લઈએ. ધન્ય છે આપણનેય! હા. મૂળ વાત પર આવીએ. 'એન્જોયગ્રાફી' પુસ્તકના લેખક રતિલાલ બોરી સાગર, આપણી ભાષાના એક ઉત્તમહાસ્ય લેખક. (આપણા હાસ્ય લેખકો વિદ્વાન પણ છે ને હતા-તે આપણે જાણીએ છીએ ! આપણા મોટા હાસ્ય લેખક સ્વ. જયોતીન્દ્ર દવે 'રસમીમાંસા' ના પંડિત પણ હતા,ને ખડખડાટ હસાવનાર હાસ્યકાર પણ)

હવે,આ રતિલાલ બોરીસાગરને આજથી વીસ એક વર્ષ પહેલા છાતીનો દુખાવો ઉપડયોને, એ વખતે, મદ્રાસની એપોલો હોસ્પિટલમાં જઈને એમણે 'એન્જયોગ્રાફી' કરાવવી પડેલી.

આ અનુભવને લેખકે જરા પણ અતિશયોકિત વિના, ને જરાય ખોટી વિગત ઉમેર્યા વિના, એક રસપ્રદ હાસ્યકથામાં આલેખી દીધો છે.

આ પુસ્તકના કેટલાક પ્રસંગો, સંવાદો પરથી એની મજાનો ખ્યાલ આવશે. ચાલો, વાંચી એ :

ડૉકટરે પૂછયું :

'તમને છાતીમાં કયારે દુ:ખે છે ? આરામકરતા હો ત્યારે કે પરિશ્રમકરતા હો ત્યારે ?'

'સાહેબ, પરિશ્રમ તો હું બિલકુલ કરતો જ નથી.'

'તો તો વધુ ચિંતાજનક ગણાય!'

'શું ? હું પરિશ્રમ નથી કરતો એ ?'

'ના, પરિશ્રમ ન કરતા હો ત્યારે પણ તમને છાતીમાં દુખે છે એ !'

તપાસ કરાવતાં કેટલાક રિપોર્ટ કરાવવા પડે છે. એક દિવસ ડૉકટરનો ફોન આવે છે.

'તમારા તપાસના રિપોર્ટ આવી ગયા છે!'

'હા જી'

'એક બે રિપોર્ટ જરા પોઝિટિવ છે !'

'તો તો બહુ સરસ ! રિપોર્ટ પોઝિટિવ હોય પછી ચિતાં શાની !'

'અરે તમે સમજયા નહીં. મેડિકલ સાયન્સમાં રિપોર્ટ પોઝિટિવ આવે એ ચિંતાજનક કહેવાય, નેગેટિવ એ સારું ગણાય.'

લેખક વિચારે છે : આ વળી ખરું કહેવાય ! જીવનમાં પોઝિટિવનું જ મહત્વ છે. પોઝિટિવ અભિગમરાખનાર માણસ સારો ગણાય, એની તબિયત પણ સારી રહે. ને આ ડૉકટર કહે છે પોઝિટિવ એટલે ખરાબ ? હું મેડિકલ સાયન્સને સમજી શકતો નથી.

હોસ્પિટલના બિછાના પર દરદીને ચિંતા થતી હોય. લેખક તો કહે છે, અરે આ ઠાઠ મને તો બહુ ગમ્યો. હું જાણે મહારાજા હોઉં એમમારી સરભરા થાય છે. અહીં બાલિકાઓ (એટલે નર્સો) મને સર સર કહે છે. મારા ગામ(અમદાવાદ)માં યુવાન છોકરા- છોકરી 'કાકા' કહે છે ત્યારે એ કંઈ મને ગમતું નથી. આ અહીં જ સારું.

વ્હીલચૅર લઈને વૉર્ડ- બૉય એમને એન્જયોગ્રાફી માટે લઈ જવા આવે છે. ત્યારે લેખક કહે છે - એ ભાઈ મયૂરાસન લઈને આવ્યો ને એમાં બેસીને ઠાઠથી અમારી સવારી નીકળી !

સદ્‌ભાગ્યે, એન્જયોગ્રાફીનો રિપોર્ટ સારો (એટલે નેગેટીવ! આવે છે. એમની સાથે આવેલા એમના ભાઈને રાહત થાય છે.લેખકને તો, છાતીમાં દુખાવો ઊપડેલો ત્યારથી, આરામ કરવા મળતો એની મજા હતી ! હાસ્યકાર તરીકે એમણે લખ્યું છે કે, કામકરવાનું મને ગમતું નહીં એટલે હું ભગવાનને કહેતો કે, હે ભગવાન, સરસ મજાનો આરામકરવો પડે એવી ભવ્ય બિમારી મને આપજે ! ને ભગવાને મારી પ્રાર્થના સાંભળી. વળી આ બિમારી તો એવી હતી કે, હૃદય માં અવરોધ (બ્લોકેજ) હતાં એ ચિંતા ન હતી - ને છતાં 'હવે તબિયત જાળવવી' એવી સૂચના ડૉકટરોએ આપેલી એથી જોખમવિનાનો આરામકરવાની મજા હતી !

ખૂબજ રસપ્રદ પુસ્તક છે. આ પુસ્તક, જે જે હૃદયરોગના દરદીઓએ પણ વાંચ્યું છે એ ચિંતામુકત થયા છે - હળવાશથી એ લોકો એન્જયોગ્રાફી કરાવી શકયા છે.એટલે હાસ્યનું આ પુસ્તક સાજાને આનંદ ને માંદાને સારવાર આપનારી પદ્ધતિ (થેરાપી)નું કામકરે છે ! પુસ્તક પુસ્તકની કોઈ પણ દુકાને મળી શકે. પણ એના પ્રકાશક છે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ. માત્ર ૧૦૦ જેટલાં પાનાંની આ રસપ્રદ પુસ્તિકાની કિંમત છે રૂ.૪૦.

- રમણ સોની

# સંપર્ક નંબર

યુનિવર્સિટી  ના વિદ્યાર્થી ઓ અને કેન્દ્રોના સંયોજકોશ્રીઓ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓનો સીધો સંપર્ક કરી પોતાને મેળવવાની થતી માહિતી મેળવી શકે તે માટે દરેક વિભાગના વડાને યુનિવર્સિટી દ્વારા મોબાઈલઆપવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ અને કેન્દ્રના સંયોજકોને વિભાગનો સીધો સંપર્ક કરી શકશે. યુનિવર્સિટીના ફોન નંબર,અધિકારીશ્રીઓના તથા વિભાગના વડાઓના ફોન નંબરમાં ફેરફાર થયેલ છે. તેથી અત્રે આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ તથા સંયોજકશ્રીઓને જે-તે વિભાગની કામગીરી હોય તેનોજ સીધો સંપર્ક કરવો. જેથી યુનિવર્સિટીના અન્ય કર્મચારીનો સમય બચી શકે. અને આપને સંપૂર્ણ માહિતી સંતોષકારક મળી શકે અને સમસ્યાનો નિકાલ કરી શકાય. જે સેન્ટરને પોતાના મોબાઈલ ન મળ્યા હોય તેમને મેળવી લેવા.

## List Of Mobile Phone Distribution In Centers

| Center Code | Ph.No. | Center Code | Ph.No. | Center Code | Ph.No. |
|---|---|---|---|---|---|
| 0101 | 9375360101 | 0715 | 9375310715 | 1416 | 9375361416 |
| 0102 | 9375360102 | 0716 | 9375310716 | 1417 | 9375361417 |
| 0103 | 9375360103 | 0719 | 9375310719 | 1423 | 9375361423 |
| 0108 | 9375360108 | 0722 | 9375310722 | 1701 | 9375361701 |
| 0109 | 9375360109 | 1001 | 9375361001 | 1702 | 9375361702 |
| 0111 | 9375360111 | 1002 | 9375361002 | 1703 | 9375361703 |
| 0115 | 9375360115 | 1003 | 9375361003 | 1704 | 9375361704 |
| 0121 | 9375360121 | 1004 | 9375361004 | 1705 | 9375361705 |
| 0124 | 9375360124 | 1007 | 9375361415 | 1707 | 9375361707 |
| 0127 | 9375360127 | 1008 | 9375330416 | 1708 | 9375361708 |
| 0128 | 9375360128 | 1013 | 9375341013 | 1709 | 9375361709 |
| 0138 | 9375360138 | 1014 | 9375341014 | 1711 | 9375361711 |
| 0143 | 9375360143 | 1015 | 9375341015 | 1715 | 9375361715 |
| 0149 | 9375360149 | 1020 | 9375341020 | 2401 | 9375362401 |
| 0152 | 9375360152 | 1201 | 9375361201 | 2402 | 9375362402 |
| 0154 | 9375360154 | 1203 | 9375361203 | 0501 | 9375367037 |
| 0161 | 9375360161 | 1209 | 9375361209 | 0503 | 9375367045 |
| 0162 | 9375360162 | 1211 | 9375361211 | 0504 | 9375367046 |
| 0201 | 9375360201 | 1212 | 9375361212 | 0506 | 9375367047 |
| 0203 | 9375360203 | 1215 | 9375361215 | 0507 | 9375367048 |
| 0204 | 9375360204 | 1301 | 9375361301 | 0510 | 9375367049 |
| 0205 | 9375360205 | 1302 | 9375361302 | 0901 | 9375367035 |
| 0210 | 9375360210 | 1304 | 9375361304 | 1101 | 9375367038 |
| 0212 | 9375360212 | 1305 | 9375361305 | 1102 | 9375367050 |
| 0301 | 9375360301 | 1308 | 9375361308 | 1106 | 9375367051 |
| 0302 | 9375360302 | 1309 | 9375361309 | 1501 | 9376367039 |
| 0401 | 9375330401 | 1310 | 9375361310 | 1506 | 9376367040 |
| 0403 | 9375360403 | 1311 | 9375361311 | 1601 | 9376367041 |
| 0411 | 9375360411 | 1319 | 9375361319 | 1603 | 9375367052 |
| 0412 | 9375360412 | 1325 | 9375361325 | 1801 | 9375367033 |
| 0416 | 9375360416 | 1328 | 9375361328 | 1807 | 9375367034 |
| 0418 | 9375360418 | 1401 | 9375361401 | 1901 | 9375367042 |
| 0419 | 9375360419 | 1403 | 9375361403 | 2001 | 9375367036 |
| 0601 | 9375340601 | 1404 | 9375361404 | 2003 | 9375367053 |
| 0608 | 9375340608 | 1406 | 9375361406 | 2007 | 9375367054 |
| 0701 | 9375360701 | 1409 | 9375361409 | 2013 | 9375367055 |
| 0704 | 9375360704 | 1410 | 9375361410 | 2201 | 9375367043 |
| 0706 | 9375340706 | 1413 | 9375361413 | 2301 | 9375340704 |
| 0709 | 9375340709 | 1414 | 9375321417 | 2302 | 9375360104 |
| 0710 | 9375340710 | 1415 | 9375321415 | | |

**MOBILE NO. OF OFFICERS & UNIVERSITY DEPARTMENT**

| Name | Designation | Ph.No. |
|---|---|---|
| Dr. Manojbhai Soni | Vice Chancellor(office) | 27663750/51 |
| Shri Mehul Pandya | Director (SSS) | 9375367031 |
| Shri S.C.shah | I/C Registar &Director | 9375367007 |
| Smt. Rasmikaben P Darji | AFO | 9375367006 |
| Shri D.T.Pandya | OS | 9375367008 |
| Smt. K.B.Sharma | Assignment | 9375367009 |
| Shri. D.M.Kataria | A/R(Devlopment) | 9375367010 |
| Kum.H.B.Pandya | Exam | 9375367012 |
| Smt. J. N. Gurjar | A/R(Exam) | 9375367013 |
| Kum.M .B. Chauhna | Exam | 9375367015 |
| Dr. Dhaval Pandya | Admi.Com./Mang. | 9375367016 |
| Dr. Meena.A.Rajput | B.ed./SC/ST/Ph.d | 9375367024 |
| Shri. H.R.Gohil | Rajkot R/C | 9375367018 |
| Dr. Sumanben.Tripathi | Exam | 9375367020 |
| Shri. Bharat Thakor | Exam | 9375367021 |
| Shri. Hardwar Goswami | (Study Center) | 9375367022 |
| Shri. N.B. Gayakvad | (MSW) | 9375367023 |
| Smt. C.N.Shah | (Library) | 9375367025 |
| Shri. Umedbhai S.Dhadhal | | 9375367026 |
| Shri. D.Y.Jani | Estate | 9375367027 |
| Shri. N.L.Nai | Godown | 9375367030 |
| Shri.Dhaval Banker | Com. Operator | 9375321419 |
| Smt.Geetaben Parikh | Com.Operator | 9375321421 |
| Smt.Suhagben Patel | Com. Operator | 9375321422 |
| Shri.Miteshbhai Patel | Com. Operator | 9375321418 |

**અન્ય સંપર્ક નંબર**

ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૧૦૨૦, ૨૭૬૬૫૦૪૮-પુછપરછ,

ફોન નંબર : ૨૭૬૬૩૭૫૦, ૨૭૬૬૩૭૫૧ - મા.કુલપતિશ્રી કાર્યાલય ૨૭૬૬૫૦૫૬- કુલસચિવશ્રી કાર્યાલય, ૨૭૬૬૫૦૪૯-પરિક્ષા વિભાગ, ૬૫૨૫૨૫૩૦-પ્રવેશ વિભાગ

ઈ.મેઈલ : feedback@baou.org

વેબ સાઈટ : **www.baou.org**

## પરિસંવાદ : પ્રતિનિધિત્વ હરદ્વાર ગોસ્વામી (વ્યાખ્યાતા : ગુજરાતી)

'જ્ઞાનવાણી' રેડિયો પરથી 'કોલેજ કેમ્પસ' કાર્યક્રમનું લેખન અને પ્રસ્તુતિ. આકાશવાણી અમદાવાદ-વડોદરાના સાહિત્યિક પત્રિકાનું લેખન અને પ્રસ્તુતિ. અમદાવાદ દૂરદર્શન દ્વારા 'કવિ કહે છે..' કાર્યક્રમમાં કાવ્ય પ્રસ્તુતિ. તા. ૨૫/૭/૦૯ ના રોજ અસાઈત સાહિત્ય સભા અને નિખાલસ એડવર્ટાઈઝિંગ દ્વારા મેઘધનુષી મોસમમાં મખમલી મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેસાણા મુકામે દૂધસાગર ડેરી હોલમાં હરદ્વાર ગોસ્વામીએ કાવ્યપઠન કર્યું હતું. ૮/૮/૦૯ના રોજ એસ. એલ.યુ. આર્ટસ & કોમર્સ કોલેજમાં સુપ્રસિદ્ધ કવિ ઓ સાથે હરદ્વાર ગોસ્વામીએ કાવ્યપઠન કર્યું હતું.

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન નંબર |
|---|---|---|
| ૧. | મા.કુલપતિશ્રીનું નિવેદન | ૦૧ |
| ૨. | એકવીસમી સદીમાં મૂલ્ય શિક્ષણ | ૦૨ |
| ૩. | ભારતીય સંસ્કૃતિના વિશ્વસંચાર | ૦૩ |
| ૪. | 'તોલકપ્પિયમ' પર વિશેષ વકતવ્ય | ૦૪ |
| ૫. | વાંસ નર્સરી કાર્યક્રમ | ૦૪ |
| ૬. | SLIM વર્કશોપ | ૦૪ |
| ૭. | "તરુણોમાં શૈક્ષણિક સમસ્યાઓ" | ૦૫ |
| ૮. | મોબાઈલ સ્ટડી વાન | ૦૭ |
| ૯. | પ્રવેશ વિભાગ | ૦૮ |
| ૧૦. | રેડિયો કાઉન્સીલિંગ | ૦૮ |
| ૧૧. | સેટોડિયલ વિભાગ | ૦૮ |
| ૧૨. | સ્વાધ્યાયકાર્ય વિભાગ | ૦૮ |
| ૧૩. | MSW વિભાગ | ૦૯ |
| ૧૪. | ડિઝિટલ ઈંગ્લિશ લેંગ્વેઝ લેબ | ૦૯ |
| ૧૫. | પ્રોગ્રામએડવાઈજરી કમિટીની બેઠકો | ૦૯ |
| ૧૬. | પ્રાસંગિક | ૦૯ |
| | સ્વાતંત્ર્ય દિનની ઉજવણી | ૦૯ |
| | વિદાય સમારંભ | ૧૦ |
| ૧૭. | યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કાવ્યસંગ્રહ માટે કાવ્ય મોકલવા ઈજન | ૧૦ |
| ૧૮. | ઉચ્ચશિક્ષણમાં દૂરગામી શિક્ષણનો ફાળો | ૧૧ |
| ૧૯. | આ પુસ્તક તમે જોયું ? | ૧૩ |
| ૨૦. | સંપર્ક નંબર | ૧૪ |
| ૨૧. | યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિશ્રી | ૧૬ |
| ૨૨. | નવા નિયામકનું સ્વાગત | ૧૬ |
| ૨૩. | પરિસંવાદ : પ્રતિનિધિત્વ | ૧૪ |
| ૨૪. | જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન | ૧૬ |
| ૨૫. | હવાલો સંભાળવા બાબત | ૧૬ |

## યુનિવર્સિટીના નવનિયુકત કુલપતિશ્રી



સરકારશ્રીના શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક જી એચ-એસએચ(૨૨) બીએયુ/ 1695/ કો-ફ-૧/કે એચ તા. 22-07-2009 થી ડૉ. મનોજ સોનીની યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકેની નિમણુંક થતા તેઓશ્રીએ તા. 01-08-2009 થી પોતાના પદનો કાર્યભાર સંભાળી લીધેલ છે.

## નવા નિયામકનું સ્વાગત

ડૉ.ગૌરાંગ જાની અને ડૉ. મેહુલ પંડયા

તા. ૨૩/૦૬/૦૯ ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નવા નિમાયેલા બે નિયામકશ્રીને આવકારવા શુભેચ્છા મિલન સમારોહ યોજાયો હતો.

શૈક્ષિણક નિયામક ડૉ.ગૌરાંગ જાનીએ પ્રતિભાવ આપતાં કહ્યું, સૌના સહયોગ વડે યુનિવર્સિટીને આગળ લાવવાનો પ્રયત્ન કરીશું.

વિદ્યાર્થી સહાય સેવાના નિયામક ડૉ. મેહુલ પંડયાએ જણાવ્યું કે, અમારામાં વિશ્વાસ મૂકવા બદલ સૌનો આભાર અને યુનિવર્સિટી ના પ્રગતિના કાર્યો સાથે મળીને કરીશું.

માનવવિદ્યાના નિયામકશ્રી પ્રો. રમણ સોનીએ આવકારતા કુહ્યું કે, આ યુવાન નિયામકો પાસે આશાઓ રાખીએ એ અસ્થાને નથી.

અંતે યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહે કહ્યું કે, યુનિવર્સિટી ઘણા સમયથી નિયામકની પ્રતીક્ષા કરતું હતું. બન્નેમાં વહીવટની કુશળતા સાથે માનવીય ગુણો પણ છે. જે હર્ષની બાબત છે.અધ્યાપક મંડળ વતી બન્ને નિયામકને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતું. સંકલન મદદનીશ કુલસચિવશ્રી ડૉ.દિલીપ કાતરિયાએ કર્યુ હતું.

## હવાલો સંભાળવા બાબત

તા. ૦૧-૧૦-૨૦૦૯ના રોજથી અમલમાં આવે તે રીતે નિયામકશ્રી એકેડેમિકનો હવાલો શ્રી એસ.સી.શાહ ઈ/ચા. રજિસ્ટ્રારે સંભાળી લીધેલ હોય નિયામકશ્રી એકેડેમિકની કામગીરી માટે શ્રી એસ.સી.શાહને સંપર્ક કરવા જણાવવામાં આવે છે. સંપર્ક નંબર:૯૩૭૫૩૬૭૦૦૭ છે.

## જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન

પરિવર્તન એ એક સતત પ્રક્રિયા છે. તે પરિવર્તન માટે અમે આતુર છીએ. આપના અભિપ્રાય માટે આપના પ્રતિભાવ માટે...આપના પ્રતિભાવથી જ અમે જ્ઞાનગંગા મુખપત્રમાં પ્રકાશિત માહિતીમાં અને રજૂઆતમાં પરિવર્તન લાવી શકીશું. કેન્દ્ર સંયોજકશ્રીએ દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે કરેલ કામગીરી કે મેળવેલ સિધ્ધી જ્ઞાનગંગાના સંયોજકને મોકલવી કે જેથી કરીને સૌના સહકારથી મુખપત્રને વધુ માહિતી સભર બનાવી શકાય.

ઈ.ચા.કુલસચિવ

**સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા**

સંયોજકશ્રી
શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,સોલા અમદાવાદ-૩૮૦૦૬૦


**તંત્રી પ્રકાશક:** એસ.સી.શાહ,
ઈ.ચા. કુલસચિવશ્રી,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,સોલા અમદાવાદ-૩૮૦૦૬૦

**પરામર્શન:** ડૉ. મેહુલ પંડયા

**સંપાદક :** ચેતના શાહ, કુસુમશર્મા અને હરદ્વાર ગોસ્વામી

**કોમ્પ્યુટર સેટિંગ** ગીતા પરીખ-કોમ્પ્યુટર ઓપરેટર


BOOK POST

STAMP

To,

રવાના:
**કુલસચિવ,**
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ. ૩૮૦૦૬૦, (ગુજરાત)
**ઈ-મેઈલ:** feedback@baou.org,
**વેબસાઈટ:** www.baou.org